અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૧૨ | અંક : ૭૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**જન્મદિવસ પર પાકિસ્તાનને વડાપ્રધાન મોદીનો મેસેજ**

**મધ્યપ્રદેશના ધાર ખાતે વડાપ્રધાને ભારતના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ પાર્કનો શિલાન્યાસ કર્યો : આ પહેલથી ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળશે**

## આ નવું ભારત છે, કોઈ પરમાણુ ધમકીઓથી ડરતું નથી : મોદી

। (એજન્સી) ભોપાલ, તા.૧૭ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે (૧૭ સપ્ટેમ્બર) મધ્યપ્રદેશના ધારમાં કહ્યું હતુ કે આ નવું ભારત છે, કોઈની પરમાણુ ધમકીઓથી ડરતું નથી. ઘરમાં ઘૂસીને મારે છે. જે આતંકવાદીઓએ માતા અને બહેનાના સિંદૂર ઉજાડ્યા તેમના ઠેકાણાઓને અમે નષ્ટ કર્યા છે. પ્રધાનમંત્રી મોદી તેમના જન્મદિવસ નિમિત્તે મધ્યપ્રદેશમાં છે. પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ પોતાના ભાષણમાં વધુ કહ્યું કે, મહર્ષિ દધિચિનો ત્યાગ માનવતાની સેવા કરવાનો સંકલ્પ આપે છે. આ જ વિરાસતમાંથી પ્રેરણા લઈને આજે દેશ મા ભારતીની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. આપણા વીર જવાનોએ પળવારમાં જ પાકિસ્તાનને ઘૂંટણિયે પાડી દીધા. ગઈ કાલે જ દેશે અને દુનિયાએ જોયું કે ફરી એક પાકિસ્તાની આતંકવાદીએ રડી-રડીને પોતાની હાલત વર્ણવી રહ્યો છે." મધ્યપ્રદેશના ધાર ખાતે વડાપ્રધાને ભારતના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્કનો શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે, આ અભૂતપૂર્વ પહેલથી ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળશે અને યુવાનો માટે હજારો રોજગારના દરવાજા ખુલશે. આ સાથે તેમણે કહ્યું કે, વિશ્વકર્મા જયંતિએ શરૂ થયેલ આ યાત્રા ટેક્સટાઈલ ઉદ્યોગમાં નવી ઊર્જા લાવશે અને 'મેક ઈન ઈન્ડિયા'ને નવો વેગ મળશે. પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું, "આ એક નવું ભારત છે, તે કોઈના પરમાણુ ધમકીઓથી ડરતું નથી. આ એક નવું ભારત છે, તે ઘરમાં ઘૂસી હુમલો કરે છે." આજે ૧૭ સપ્ટેમ્બર, બીજો એક ઐતિહાસિક પ્રસંગ છે. આ દિવસે રાષ્ટ્રએ સરદાર પટેલના દૃઢ સંકલ્પનું ઉત્તમ ઉદાહરણ જોયું. ભારતીય સેનાએ હૈદરાબાદને અસંખ્ય અત્યાચારોથી મુક્ત કરાવ્યું અને તેના અધિકારોનું રક્ષણ કરીને ભારતનું ગૌરવ પુનઃસ્થાપિત કર્યું. આ મહત્વપૂર્ણ સિદ્ધિને દાયકાઓ વીતી ગયા પરંતુ કોઈએ તેને યાદ રાખ્યું નહીં. તમે મને આ તક આપી. અમારી સરકારે તે ઘટનાને અમર બનાવી દીધી છે."



પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "આજે, વિશ્વકર્મા જયંતિ નિમિત્તે એક મોટી ઔદ્યોગિક પહેલ ચાલી રહી છે. દેશના સૌથી મોટા સંકલિત કાપડ પાર્કનો શિલાન્યાસ અહીં (ધાર) કરવામાં આવ્યો છે. આ પાર્ક ભારતના કાપડ ઉદ્યોગને ઉર્જા આપશે અને ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ મળશે તેની ખાતરી કરશે. આ કાપડ પાર્ક આપણા યુવાનોની મોટી સંખ્યામાં રોજગારીનું સર્જન કરશે. હું આ પ્રોજેક્ટ્સ માટે આપણા બધા દેશવાસીઓને અભિનંદન આપું છું."

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" આ અભિયાન દેશની માતાઓ અને બહેનો માટે સમર્પિત છે. એકપણ મહિલા કે જે જાણકારી કે સંસાધનના અભાવે સારવારથી વંચિત રહેતી હોય તે સ્વીકાર્ય નથી. આ અભિયાન આરોગ્ય, પોષણ અને જાગૃત્તિ દ્વારા નારીને સ્વસ્થ અને સશક્ત બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે.

### મારી ઈચ્છા છે કે ૨૦૪૭ સુધી નેતૃત્વ કરે PM મોદી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ઈચ્છા જાહેર કરી છે કે પીએમ નરેન્દ્ર મોદી ૨૦૪૭ સુધી દેશનું નેતૃત્વ કરતા રહે. તેમણે પીએમ નરેન્દ્ર મોદીને ૭૫મા જન્મદિવસની શુભકામનાઓ આપતા આ વાત કહી. મુકેશ અંબાણીએ કહ્યુ કે આજે આપણા ભારતવાસીઓ માટે પર્વનો દિવસ છે. આપણા સન્માનિત અને પ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો ૭૫મો જન્મદિવસ છે. હું દેશના કારોબારી સમુદાય, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અંબાણી પરિવાર તરફથી તેમને જન્મદિવસની શુભેચ્છા આપું છું. મારી ઈચ્છા છે કે તેઓ ૨૦૪૭ સુધી દેશના પ્રધાનમંત્રી રહે, જ્યારે ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થશે. મુકેશ અંબાણીએ કહ્યુ કે નરેન્દ્ર મોદીએ પહેલા ગુજરાતને ઔદ્યોગિક રાજધાની બનાવી અને હવે દેશની કાયાપલટ કરી રહ્યાં છે. આ સંયોગ નથી કે પીએમ નરેન્દ્ર મોદીનો અમૃત મહોત્સવ પણ ત્યારે આવ્યો છે, જ્યારે દેશની આઝાદીનો અમૃત કાળ ચાલી રહ્યો છે. જીવેત શરદઃ શતમ્. તેમણે કહ્યુ- ઈશ્વરે ખુદ પીએમ નરેન્દ્ર મોદીને અવતાર પુરૂષ તરીકે મોકલ્યા છે, જેથી તે આપણા દેશનું નેતૃત્વ કરે. મેં આજ સુધી આવા નેતા જોયા નથી, જે આ રીતે થાક્યા અને અટક્યા વગર કામ કરતા હોય. હું દેશભરના લોકોની સાથે પીએમ મોદીને જન્મદિવસની શુભેચ્છા આપું છું અને તેમના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરુ છું.

## કોંગ્રેસના વિરોધ વચ્ચે મતદાર યાદી થશે અપડેટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

રાજ્ય સરકાર દ્વારા આગામી ખાસ સઘન સુધારણા (SIR) ૨૦૨૬ ના ભાગરૂપે મતદાર યાદીને અપડેટ કરવા માટે એક મહત્વપૂર્ણ અને સંભવિત વિવાદાસ્પદ કવાયત હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા અંતર્ગત વર્ષ ૨૦૦૨ અને ૨૦૨૫ની મતદાર યાદીઓની ઝીણવટભરી સરખામણી કરવામાં આવશે, જેની સામે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. આ સમગ્ર કામગીરી પૂર્ણ કરવા માટેની અંતિમ તારીખ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. સરકારી આદેશો અનુસાર, આ અભિયાન માટે બૂથ લેવલ ઓફિસર્સ (BLO) ને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. આ કામગીરી માટે ૨૦૦૨ ની છાપેલી મતદાર યાદી, ૨૦૨૫ ની અંતિમ મતદાર યાદી, તેમજ એપ્રિલ અને જુલાઈ ૨૦૨૫ ની પૂરક યાદીઓનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૨૦૦૨ ની યાદીને યુનિકોડમાં રૂપાંતરિત કરી તેનો પણ સહારો લેવાશે. આ અંગે સરકાર દ્વારા કરવામાં આવેલા આદેશ મુજબ ગામના BLO એ ૨૦૦૨ની મતદાર યાદી સાથે બેઠક કરવી, ૨૦૦૨ અને ૨૦૨૫ની મતદાર યાદીના સામાન્ય વિભાગોને ઓળખવા. BLO નું મુખ્ય કાર્ય ૨૦૦૨ની યાદીમાં સામેલ મતદારોને ૨૦૨૫ની વર્તમાન યાદીમાં શોધવાનું રહેશે.

**કેનેડામાં ખાલિસ્તાનીઓને મદદ મળી રહી છે**

## કેનેડામાં ખાલિસ્તાનીઓએ ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર કબજો કરવાની ધમકી ઉચ્ચારી

**રિપોર્ટ્સ અનુસાર, ખાલિસ્તાની જૂથે ગુરુવારે કોન્સ્યુલેટની મુલાકાત લેવાનું આયોજન કરી રહેલા લોકોને અલગ તારીખ પસંદ કરવા કહ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૭ ।

કેનેડામાં ભારત વિરુદ્ધ ખાલિસ્તાન સમર્થકોનો વિરોધ ફરી એકવાર ભડકી ઉઠ્યો છે. અહેવાલ છે કે SFJ એટલે કે શીખ્સ ફોર જસ્ટિસે વાનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટ પર કબજો કરવાની ધમકી આપી છે. એટલું જ નહીં, ભારતીયોને તે વિસ્તારમાં ન જવાની ચેતવણી પણ આપવામાં આવી છે. જોકે, ભારત કે કેનેડિયન સરકાર દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખાલિસ્તાની જૂથે ગુરુવારે કોન્સ્યુલેટની મુલાકાત લેવાનું આયોજન કરી રહેલા લોકોને અલગ તારીખ પસંદ કરવા કહ્યું છે. SFJ દ્વારા એક પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું છે, જેમાં કેનેડામાં નવા ભારતીય હાઈ કમિશનર દિનેશ પટનાયકનો ફોટો છે. તેમના ચહેરા પર નિશાન બનાવવાના ચિહ્નો છે. આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે ભારતીય કોન્સ્યુલેટ દ્વારા જાસૂસી નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે.ખાલિસ્તાની જૂથનો આરોપ છે કે કોન્સ્યુલેટ દ્વારા ખાલિસ્તાનીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'બે વર્ષ પહેલા ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ, વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદમાં કહ્યું હતું કે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે.' તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'બે વર્ષ થઈ ગયા છે અને ભારતીય કોન્સ્યુલેટ ખાલિસ્તાની જનમતના પ્રચારકોને નિશાન બનાવીને જાસૂસી નેટવર્ક ચલાવી રહ્યું છે.'ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓછામાં ઓછા બે ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથોને કેનેડાની અંદરથી નાણાકીય સહાય મળી છે.




**આ લઘુગ્રહ પૃથ્વી સાથે અથડાવાની કોઇ સંભાવના ન હોવા છતાં વિજ્ઞાનીઓ તેના પર નજર રાખી રહ્યા છે**

## કુતુબ મિનાર જેવડો લઘુગ્રહ પૃથ્વીની નજીકથી પસાર થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

નાસાના વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે એક કુતુબ મિનાર જેવડા કદનો લઘુગ્રહ પૃથ્વી તરફ કલાકના ૨૪૦૦૦ માઈલની ઝડપે ધસી રહ્યો છે. આ લઘુગ્રહ આપણી પૃથ્વીની સપાટીથી ૮૪૨૦૦૦ કિલોમીટરના અંતરેથી પસાર થઈ જાય તેવી ધારણાં છે. એસએ ૨૨ નામનો આ લઘુગ્રહ ૧૮ સપ્ટેમ્બરે પૃથ્વીની નજીકથી પસાર થશે. નાસા અને જેટ પ્રોપલ્શન લેબોરેટરીના જણાવ્યા અનુસાર આ લઘુગ્રહ પૃથ્વીની નજીકથી કોઈ હાનિ કર્યા વિના પૂરઝડપે પસાર થઈ જશે. આ લઘુગ્રહ પૃથ્વીથી સલામત અંતરેથી પસાર થવાનો હોવા છતાં વિજ્ઞાનીઓ તેના પર બારીક નજર રાખી રહ્યા છે. નાસાના માપદંડ અનુસાર ૮૫ મીટરથી મોટો કોઈપણ અવકાશી પદાર્થ પૃથ્વીથી ૭૪ લાખ કિલોમીટરના અંતરમાં પસાર થવાનો હોય તો તેને સંભવિત જોખમી લઘુગ્રહ ગણવામાં આવે છે. આ વ્યાખ્યા અનુસાર આ લઘુગ્રહ એફએ૨૨ જોખમી લઘુગ્રહની કક્ષામાં આવે છે. જો કે, એફએ૨૨ પૃથ્વી સાથે અથડાય તેવું કોઈ જોખમ નથી. આ લઘુગ્રહ પૃથ્વી સાથે અથડાવાની કોઈ સંભાવના ન હોવા છતાં વિજ્ઞાનીઓ તેના પર નજર રાખી રહ્યા છે તેનું કારણ આ લઘુગ્રહનો અનિશ્ચિત પ્રદક્ષિણાપથ છે. ગુરૂત્વાકર્ષણને કારણે અથવા અન્ય કોઈ પરિબળને કારણે તેના પ્રદક્ષિણાપથમાં સહેજ પણ ફેરફાર થાય તો તેના વિનાશકારી પરિણામો આવી શકે છે.

**કાયદા બન્યાના ત્રણ-ચાર વર્ષ પછી અચાનક સ્ટેની માગણી કરવામાં આવી છે : સરકાર**

## ધર્માંતરણ વિરોધી કાયદા સંદર્ભે ગુજરાત સહિતના રાજ્યો પાસે સુપ્રીમે જવાબ માગ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં ધર્માંતરણ વિરોધી કાયદો બન્યો છે. આ કાયદાના અમલ પર સ્ટેની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં સંખ્યાબંધ અરજીઓ થયેલી છે. આ અરજીઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ગુજરાત સહિતના રાજ્યોને પોતાનું વલણ સ્પષ્ટ કરવા નિર્દેશ આપ્યા છે. રાજ્યો તરફથી જવાબ મળ્યા બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા સંબંધિત રાજ્યોના કાયદા સામે સ્ટે આપવાનો નિર્ણય લેવામાં આવશે. ચીફ જસ્ટિસ બી આર ગવઈ અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેન્ચે અરજીઓની સુનાવણી દરમિયાન સ્ટે આપવાની રજૂઆતને ફગાવી દીધી હતી. કોર્ટે સંબંધિત રાજ્યોને ચાર સપ્તાહમાં પોતાના જવાબ રજૂ કરવા અને ત્યારબાદના બે સપ્તાહમાં રીજોઈન્ડર રજૂ કરવા અરજદારને નિર્દેશ આપ્યા હતા. આ કેસની આગામી સુનાવણી છ અઠવાડિયા બાદ રાખવામાં આવશે. જો કે તે દરમિયાન સ્ટે આપવાની દાદને સુપ્રીમ કોર્ટે ગ્રાહ્ય રાખી ન હતી. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, હરિયાણા, ગુજરાત ઝારખંડ અને કર્ણાટકમાં રાજ્ય સરકારોએ ધર્માંતરણ વિરોધી કાયદો બનાવેલો છે.

**હમાસના ૨થી ૩ હજાર આતંકીઓ ગાઝામાં બચ્યા હોવાનો અંદાજ**

## ગાઝામાંથી હમાસનો સફાયો કરવા ઈઝરાયેલ આક્રમક બન્યું

। (એજન્સી) જેરુસલેમ, તા.૧૭ ।

ઈઝરાયેલના લશ્કરે ગાઝામાંથી હમાસનો સફાયો કરવા સક્રિયતા સાથે જમીની માર્ગે વધુ આક્રમક વલણ અખત્યાર કર્યુ છે. પેલેસ્ટાઈનના સૌથી મોટા શહેર ગાઝામાં માળખાકીય સુવિધાને નષ્ટ કરવા માટેના વિસ્તૃત અભિયાન ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (આઈડીએફ) દ્વારા હાથ ધરાયું છે.ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધમાં સંખ્યાબંધ બોમ્બ, મિસાઈલ તથા ડ્રોન હુમલાઓને પગલે ગાઝા શહેર ખંડેરમાં તબદીલ થઈ ચૂક્યું છે અને હવે બચેલા ઢાંચાને પણ તોડી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ઈઝરાયેલની આ ક્રૂરતાને લીધે પોતાની બચેલી ખરવખરી લઈને ભૂખમારાથી ત્રસ્ત પેલેસ્ટાઈનના લોકો દેશ છોડવા લાંબી કતારોમાં જોવા મળે છે. ગાઝા શહેરને નેસ્તનાબૂદ કરવા માટે ઈઝરાયેલના સશસ્ત્ર દળોએ હુમલાઓની આક્રમકતા વધારી દીધી છે.

**૫૮ કિલો સોનું અને ૮ કરોડ રોકડની લૂંટ ૧**

## કર્ણાટક : એસબીઆઈ (SBI)માં હથિયારધારી લૂંટારાઓ ત્રાટક્યા

। (એજન્સી) વિજયપુરા, તા.૧૭ ।

કર્ણાટકના વિજયપુરા જિલ્લાના ચદચન કસ્બામાં આવેલી જીૈ બેંકમાં ધોળા દિવસે હથિયારબંધ લૂંટારૂઓએ મોટી લૂંટ કરી છે. પ્રાથમિક અહેવાલ મુજબ લૂંટારાઓ ૫૮ કિલો સોનું અને આઠ કરોડ રૂપિયા રોકડની લૂંટ કરીને ફરાર થઈ ગયા છે. પોલીસના જણાવ્યા મુજબ, ત્રણ લૂંટારૂઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવીને આ ઘટનાને અંજામ આપ્યો છે.

શાખા પ્રબંધક તારકેશ્વરની ફરિયાદ મુજબ, ત્રણ લૂંટારૂઓ બેંકમાં કરન્ટ ખાતું ખોલવાના બહાને પ્રવેશ્યા હતા. તેમની પાસે બંદૂક અને ચાકૂ હતા, જેનાથી તેઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને ધમકાવ્યા હતા. તેઓએ કર્મચારીઓ અને ગ્રાહકોને પ્લાસ્ટિક ટેગથી બાંધી દીધા હતા અને લોકર ખોલવા માટે મજબૂર કર્યા હતા.

લૂંટારૂઓ ૪૨૫ સોનાના પેકેટોમાંથી લગભગ ૨૦ કિલોગ્રામના ૩૯૮ પેકેટ ચોરી ગયા છે. આ ઉપરાંત, તેઓએ ૧.૦૪ કરોડ રૂપિયાની રોકડ પણ લૂંટી કરી છે. પોલીસે કહ્યું કે, લૂંટારૂઓ એક વાહનમાં ભાગી ગયા છે. તેઓ મહારાષ્ટ્રના પંઢરપુર તરફ જઈ રહ્યા હતા. બીજીતરફ લૂંટારાઓના વાહનનો સોલાપુર જિલ્લાના હુલજંતી ગામ પાસે અકસ્માત થયો હતો, જોકે તેપછી લૂંટારાઓ લૂંટેલો સામાન લઈને ફરાર થઈ ગયા છે.



## ન્યૂઝ બ્રિફ

### હાઇકોર્ટને વધુ એક વાર ધમકીભર્યો ઇ-મેઇલ મળતા ખળભળાટ મચ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાત હાઈકોર્ટને ફરી એક વાર ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સોમવારે વહેલી સવારે રજિસ્ટ્રારને ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. જેમાં નવ આરડીએક્સ બોમ્બ પ્લાન્ટ કર્યા હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ત્રણ ચાર કલાક બાદ આ મામલે સોલા પોલીસને જાણ કરાતા પોલીસે બીડીડીએસ અને ડોગ સ્ક્વોડ સાથે સમગ્ર હાઈકોર્ટમાં સર્ચ કર્યું હતું. અનેક કલાકો સુધી ચાલેલા સર્ચ બાદ કંઈ વાંધાજનક વસ્તુ ન મળી આવતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે ત્રણ માસમાં ચોથી વાર આ પ્રકારનો ઈ-મેઈલ આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રારને વહેલી સવારે સાત વાગ્યા બાદ એક ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. જેમાં કોર્ટ પરિસરમાં ૯ આરડીએક્સ બોમ્બ પ્લાન્ટ કર્યો હોવાની ધમકી આપવામાં આવી હતી. સાથે જ પાકિસ્તાન, આઈએસઆઈ-તમિલનાડુ DMK જીંદાબાદ તેવા સૂત્રો લખ્યા હતા. બીજીબાજુ આ ઈ-મેઈલમાં તમિલનાડુ ડીએમકે સરકાર ૨૦૨૧માં તમિલનાડુમાં મીડિયાને ઉથલાવી પડવા માગતી હોવાના વિષયને લગતી કેટલીક માહિતી લખવામાં આવી છે.

### અમદાવાદમાં AMTS ડેપોની દીવાલ ધરાશાયી થતાં એક યુવકનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદના નવા વાડજથી મોટા સમાચાર સામે આવ્યા છે. નવા વાડજના AMTS બસ ડેપોની વર્ષો જૂની દીવાલ થઈ હતી, જેમાં એક યુવક દટાવાથી તેનું મોત નિપજ્યું છે. ઘટનાની જાણ થતા પોલીસ અને ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ, અહીંના કાટમાળને દૂર કરવામાં આવી રહ્યું છે અને દુર્ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, મંગળવારે સવારે નવા વાડજ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની AMTS શ્રીનાથ બસ ડેપોની દીવાલ ધરાશાયી થઈ હતી. આ ત્યાં પાસે ઊભેલા એક ૩૦ વર્ષનો સુરેશ ભરવાડ નામનો યુવક કાટમાળમાં દટાયો હતો. જોકે, દીવાલ પડતાની સાથે જ સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ કરીને યુવકને કાટમાળમાંથી બહાર કાઢી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ સિવાય આસપાસ રહેલા વાહનોને પર દીવાલ પડતા વાહનોને પણ ભારે નુકસાન થયું હતું. સમગ્ર ઘટના વિશે જાણ થતાની સાથે પોલીસ અને ફાયરની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી.

# ગુજરાતમાં વધુ એક બોગસ કોલ સેન્ટરનો પર્દાફાશ થયો, વિદેશીઓને લોભામણી સ્કીમોની લાલચ આપતા

## ઇંગલિશ ભાષામાં વાતચીત કરીને પોતે કોઈ કાયદેસરની કંપની અથવા સરકારી એજન્સીના પ્રતિનિધિ હોવાનો ઢોંગ કરતા હતા

। વલસાડ, તા.૧૭ ।

વલસાડના ભીલડ ખાતે હોટેલ ક્રિસ્ટલ ઈનમાંથી એક મોટું બોગસ કોલ સેન્ટર ઝડપાયું છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કોલ સેન્ટરમાંથી ૧૨ જેટલા લોકોની અટકાયત કરવામાં આવી છે, જેમાં ૨ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ કૌભાંડમાં સંડોવાયેલા લોકો વિદેશી નાગરિકોને લોભામણી સ્કીમોની લાલચ આપીને તેમની સાથે છેતરપિંડી કરતા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કોમ્પ્યુટર, મોબાઈલ ફોન અને અન્ય મહત્વના દસ્તાવેજો કબજે કર્યા છે, જેનો ઉપયોગ આ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે થતો હતો. આ દરોડા બાદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે જેથી આ રેકેટના મૂળ સુધી પહોંચી શકાય.

આ કોલ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ વિદેશી નાગરિકોને નિશાન બનાવીને છેતરપિંડી કરવાનો હતો. આરોપીઓ વિવિધ પ્રકારની લોભામણી સ્કીમો જેમ કે, લોન આપવાની, મોટી ઈનામી રકમ જીતવાની અથવા ટેક્સ



ભરપાઈ કરવા જેવી બાબતોની લાલચ આપીને તેમને ફસાવતા હતા. તેઓ ઈંગલિશ ભાષામાં વાતચીત કરીને પોતે કોઈ કાયદેસરની કંપની અથવા સરકારી એજન્સીના પ્રતિનિધિ હોવાનો ઢોંગ કરતા હતા. આ રીતે, તેઓ ભોળા વિદેશીઓને વિશ્વાસમાં લઈને તેમની પાસેથી પૈસા પડાવતા હતા. આ પ્રકારના કૌભાંડો આંતરરાષ્ટ્રીય સ્તરે ગુનાહિત પ્રવૃત્તિઓનો એક ભાગ છે અને તેનાથી દેશની છબીને પણ નુકસાન પહોંચે છે.

આ રેકેટનો પર્દાફાશ થતા પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. અટકાયત કરાયેલા આરોપીઓની પૂછપરછ કરીને આ રેકેટના મુખ્ય સૂત્રધાર અને અન્ય સાગરિતોને પકડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કબજે કરાયેલા કોમ્પ્યુટરો અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ફોરેન્સિક તપાસ દ્વારા વધુ માહિતી મેળવવામાં આવશે. આ પ્રકારના ગુનાઓને ડામવા માટે પોલીસ અને સાયબર ક્રાઈમની ટીમોએ સતત સક્રિય રહેવું જરૂરી છે. લોકોએ પણ આવા કોલથી સાવચેત રહેવું જોઈએ અને કોઈપણ અજાણી વ્યક્તિ કે સંસ્થા સાથે નાણાકીય લેવડદેવડ કરતા પહેલા તેની ખરાઈ કરી લેવી જોઈએ. આ બનાવ સમાજમાં જાગૃતિ લાવવા માટે એક ચેતવણીરૂપ છે. કબજે કરાયેલા કોમ્પ્યુટરો અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોના ફોરેન્સિક તપાસ દ્વારા વધુ માહિતી મેળવવામાં આવશે. આ પ્રકારના ગુનાઓને ડામવા માટે પોલીસ અને સાયબર ક્રાઈમની ટીમોએ સતત સક્રિય રહેવું જરૂરી છે. લોકોએ પણ આવા કોલથી સાવચેત રહેવું જોઈએ અને કોઈપણ અજાણી વ્યક્તિ કે સંસ્થા સાથે નાણાકીય લેવડદેવડ કરતા પહેલા તેની ખરાઈ કરી લેવી જોઈએ. આ બનાવ સમાજમાં જાગૃતિ લાવવા માટે એક ચેતવણીરૂપ છે.

### મધર ડેરીનું દૂધ ૨ રુપિયા સસ્તું થયું, ઘી-પનીરના ભાવમાં પણ ઘટાડો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સરકાર દ્વારા GST સુધારાની જાહેરાત બાદ તેની મોટી અસર જોવા મળી છે. મધર ડેરીએ દૂધના ભાવ ઘટાડીને ગ્રાહકોને મોટી રાહત આપી છે. ૨૨ સપ્ટેમ્બરથી નવા GST દરો લાગુ થવા જઈ રહ્યા છે, પરંતુ આ પહેલા પણ કંપનીએ તેના પેકેજ્ડ દૂધના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે. મધર ડેરીએ તેના ૧ લિટર ટોન્ડ ટેટ્રા પેક દૂધના ભાવ ૭૭ રૂપિયાથી ઘટાડીને ૭૫ રૂપિયા કર્યા છે. સરકારે ૩ સપ્ટેમ્બરના રોજ GST સુધારાની જાહેરાત કરી હતી અને તમામ આવશ્યક ચીજવસ્તુઓ પર લાગુ થતા કરમાં ઘટાડા અંગે માહિતી શેર કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે નવા GST દરો ૨૨ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે અને દૂધ, ચીઝથી લઈને AC-TV સુધીની દરેક વસ્તુ સસ્તી થશે. તેના અમલીકરણ પહેલા જ મધર ડેરીએ તેના દૂધના ઉત્પાદનોના ભાવ ઘટાડી દીધા છે, જેનાથી ગ્રાહકોને મોટી રાહત મળી છે.મધર ડેરીએ નવા ધોરણો સાથે તમામ ઉત્પાદનો પર ગ્રાહકોને 100% કર લાભ આપવા માટે આ મોટું પગલું ભર્યું છે. નોંધનીય છે કે કંપનીનો સમગ્ર ઉત્પાદન પોર્ટફોલિયો શૂન્ય GST અથવા ૫% ના સૌથી નીચા સ્લેબ હેઠળ આવે છે. કંપની દ્વારા દૂધના ભાવમાં ઘટાડા પછી નવા ભાવની વાત કરીએ તો, મધર ડેરીના ૧ લિટર UHT દૂધ (ટોન-ટેટ્રા પેક) ની કિંમત ૭૭ રૂપિયાથી ઘટાડીને ૭૫ રૂપિયા કરવામાં આવી છે, જ્યારે ૪૫૦ મિલી પેક હવે ૩૩ રૂપિયાને બદલે ૩૨ રૂપિયામાં ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, કંપનીના તમામ ફ્લેવરના ૧૮૦ મિલી મિલ્કશેકના પેકની કિંમત ૩૦ રૂપિયાથી ઘટીને ૨૮ રૂપિયા થઈ ગઈ છે. પનીરની કિંમતની વાત કરીએ તો ૨૦૦ ગ્રામ પનીરનું પેકેટ હવે ૯૫ રુપિયાને બદલે ૯૨ રૂપિયામાં મળશે. આ ઉપરાંત, ૪૦૦ ગ્રામ પનીરનું પેકેટ હવે ૧૮૦ રૂપિયાને બદલે ૧૭૪ રૂપિયામાં મળશે. મલાઈ પનીરની કિંમત પણ ઘટાડીને ૨૦૦ ગ્રામ પેક ૧૦૦ રૂપિયાથી ઘટાડીને ૯૭ રૂપિયા કરવામાં આવી છે. આ ઉપરાંત, ૪૦૦ ગ્રામ પનીરનું પેકેટ હવે ૧૮૦ રૂપિયાને બદલે ૧૭૪ રૂપિયામાં મળશે. મલાઈ પનીરની કિંમત પણ ઘટાડીને ૨૦૦ ગ્રામ પેક ૧૦૦ રૂપિયાથી ઘટાડીને ૯૭ રૂપિયા કરવામાં આવી છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે પાઉચમાં વેચાતા દૂધ, જેમ કે ફુલ ક્રીમ, ટોન્ડ દૂધ અને ગાયના દૂધના ભાવમાં કોઈ વધારો થશે નહીં. આ ઉત્પાદનો પર અગાઉ કોઈ GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ પડતો ન હતો અને ભવિષ્યમાં પણ તેના પર કોઈ ટેક્સ લાગશે નહીં. તેથી, આ તમામ ઉત્પાદનોના ભાવ સ્થિર રહેશે.

#### ભારતથી આવતી તમામ ડીઝલ ખેપની તપાસનો આદેશ

## યુક્રેન ૧ ઓક્ટોબરથી ભારત પાસેથી નહીં ખરીદે ડીઝલ

। (એજન્સી) કીવ, તા.૧૭ ।

હાલ અમેરિકા સહિત નાટો દેશ રશિયા પાસેથી ડીઝસ ખરીદવા અંગે ભારત સાથે વાત કરી રહ્યા છે. મિડલ ઈસ્ટની તુલનાએ રશિયા પાસેથી ડીઝલ સસ્તું પડે છે. બંને જગ્યાએ કિંમતમાં મોટું અંતર છે. રશિયા પાસેથી ઓઈલ ખરીદવા માટે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો છે. આ દરમિયાન યુક્રેન હવે ભારતથી આવતા ડીઝલ પર રોક લગાવવાનું વિચારી રહ્યું છે. યુક્રેનની એક એનર્જી કન્સલટેંસી એનકોરએ ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી યુક્રેન ભારત પાસેથી ખરીદવામાં આવતા ડીઝલ પર પ્રતિબંધ લગાવશે.અહેવાલ મુજબ, એનકોરનું કહેવું છે કે ભારત રશિયા પાસેથી મોટી માત્રમાં ક્રૂડ ઓઈલ ખરીદે છે. તેથી યુક્રેને આ પગલું ભરવું પડી રહ્યું છે. રશિયા ડ્રોન અને મિસાઈલથી યુક્રેનની ઓઈલ રિફાઈનરીઓને નિશાન બનાવી રહ્યું છે. કંપની મુજબ, યુક્રેનની સુરક્ષા એજન્સીઓએ ભારતથી આવતી તમામ ડીઝલ ખેપની તપાસ કરવાનો આદેશ આપ્યો છે.આ ઉપરાંત અન્ય એક કન્સલટેંસી એ-૯૫એ જણાવ્યું હતું કે, આ વર્ષે ગર્મીના મહિનામાં યુક્રેનની એક મોટી ઓઈલ રિફાઈનરી ખરાબ થઈ ગઈ હતી. આ કારણે વેપારીઓને ભારતથી ડીઝલ ખરીદીને તેની ભરપાઈ કરવી પડી હતી. સોવિયેતના જૂના માપદંડ પર ખરા ઉતરી શકાય તે માટે યુક્રેનના રક્ષા મંત્રાલયે પણ ભારત પાસેથી થોડું ડીઝલ ખરીદ્યું હતું.એનકોર મુજબ, યુક્રેને ઓગસ્ટ ૨૦૨૫માં ભારત પાસેથી ૧,૧૯,૦૦૦ ટન ડીઝલ ખરીદ્યું હતું.

#### કુતિયાણા નજીક કાર પોરબંદરના પરિવારની કાર ડિવાઈડર સાથે અથડાઈ

## પરીક્ષા આપી પરત ફરતા પરિવારનો અકસ્માત થયો : પતિ-પત્ની સહિત ત્રણનાં મોત

। (એજન્સી) પોરબંદર, તા.૧૭ ।

ગઈ મોડી રાત્રે પોરબંદર જિલ્લાના કુતિયાણા હાઈવે પર એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં પતિ-પત્ની સહિત ત્રણ લોકોનાં કરુણ મૃત્યુ થયાં હતાં. આ ઘટનામાં એક પાંચ વર્ષની બાળકીનો આબાદ બચાવ થયો છે.પોરબંરનો પરિવાર રાજકોટથી તલાટીની પરીક્ષા આપીને પરત ફરતો હતો ત્યારે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, પોરબંદરના છાયા નવાપરા વિસ્તારમાં રહેતા માલદેભાઈ ભાયાભાઈ ભૂતીયા, જયમલ વીંજાભાઈ ઓડેદરા અને આશાબેન માલદેભાઈ પોતાની કારમાં રાજકોટથી પોરબંદર પરત ફરી રહ્યા હતા. તેઓ તલાટી મંત્રીની પરીક્ષા આપીને પાછા ફરી રહ્યા હતા, જેમાં આશાબેન અને તેમના ભાઈ જયમલભાઈ પરીક્ષા આપવા ગયા હતા, જ્યારે માલદેભાઈ અને તેમની પુત્રી નૈતિકા પણ સાથે હતા.કુતિયાણા હાઈવે પર અચાનક તેમની કાર ડિવાઈડર સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં માલદેભાઈ, જયમલભાઈ અને આશાબેનનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જોકે, કારમાં સવાર માલદેભાઈ અને આશાબેનની પાંચ વર્ષની પુત્રી નૈતિકાનો ચમત્કારિક બચાવ થયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે પોરબંદરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ કરુણ ઘટનાથી સમગ્ર જિલ્લામાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

#### દૂધસાગર ડેરીના સમર્થકો વચ્ચે ઘર્ષણ બાદ પશુપાલકોએ દૂધ ઢોળી ઉગ્ર વિરોધ નોંધાવ્યો

## હારિજમાં યોજાયેલા પશુપાલક સંમેલનમાં હોબાળો મચ્યો

। (એજન્સી) પાટણ, તા.૧૭ ।

હારિજ, સમી અને શંખેશ્વર તાલુકાના પશુપાલકો દ્વારા દૂધમાં ભાવવધારા સહિતના વિવિધ પ્રશ્ને સોમવારે હારિજમાં પશુપાલક સંમેલન યોજવામાં આવ્યું હતું. આયોજકોએ પશુપાલકોને દૂધના ભાવમાં વધારો, સાગર દાણની ગુણવત્તામાં સુધારો અને અન્ય પડતર પ્રશ્નો પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરો પાડ્યો હતો. જોકે, સંમેલન શરૂ થાય તે પહેલાં જ દૂધસાગર ડેરીના સમર્થકો સંમેલનમાં આવતાં હોબાળો મચ્યો હતો. પશુપાલકો અને દૂધસાગર ડેરીના સમર્થકો વચ્ચે ઘર્ષણ થતાં પશુપાલકોએ દૂધ ઢોળી વિરોધ નોંધાવ્યો હતો. દૂધસાગર ડેરી દ્વારા પશુપાલકોને આપવામાં આવતા દૂધના અપૂરતા ભાવ, સાગર દાણમાં થતી ભેળસેળ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવાનો આ સંમેલનનો હેતુ હતો. સંમેલન દરમિયાન દૂધસાગર ડેરીના સમર્થકો જેમાં મંડળીના મંત્રીઓ અને પ્રમુખો પણ સામેલ હતા, તે સ્થળ પર ધસી આવતાં સંમેલનના કાર્યકર્તાઓએ ગેટ પર જ રોકી દેતાં બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. આ મામલે હારિજ-સમીના ડિરેક્ટર શકતાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, શાસન બદલાતા અમને કોઈ પણ નુકસાન નથી અને ભાવ પણ ઘટ્યા નથી વધ્યા છે. અમારી ડેરીનો ભાવ વધારો છે પણ બીજી ડેરીનો ભાવ વધારો નથી તેમ તેઓએ જણાવ્યું હતું. જ્યારે કાનજી દેસાઈએ જણાવ્યું હતું કે, હું છેલ્લા ૨૫ વર્ષથી સોઢવ દૂધ ઉત્પાદન મંડળીમાં પ્રમુખ છું. છેલ્લા ચાર-પાંચ વર્ષથી કોઈ ભાવ ઘટ્યા નથી. આ સંમેલનમાં એક પણ પશુપાલક નથી, આ બધા ભેગા કરેલા છે. અમે બધા પશુપાલક જ છીએ. વહીવટકર્તા શીવાભાઈ પહેલાં સારા કહેવાતા અને હવે એમનું ખીસું ભરાઈ ગયું છે. શિવાભાઈના ઘરે ઢોર પણ નથી અને કદી દૂધ પણ ભરાવતા નથી. હારિજ-સમીના નામે સંખ્યા દેખાડવા માટે માણસાથી લોકોને બોલાવ્યાંના આક્ષેપ પણ કર્યો હતા.

#### ડીઆરઆઈએ પકડેલા ક્રિષ્નન જયશંકર ઐયરની અરજી એડિશનલ ચિફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે ફગાવી

## ૭૭૦ કરોડની કસ્ટમ ડ્યૂટી ચોરી, હવાલા કૌભાંડીની જામીન અરજી રદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

કંડલા અને મુંદ્રા પોર્ટ પર બોગસ કંપનીઓ મારફતે ૭૭૦ કરોડની કસ્ટમ ડયુટીની ચોરી અને હવાલા કૌભાંડમાં ડીઆરઆઈએ પકડેલા ક્રિષ્નન જયશંકર ઐયરની જામીન અરજી એડીશનલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ડી.એચ.ખંભાતીએ રદ કરી છે. આ મામલે કોર્ટે નોંધ્યુ હતુ કે, આરોપીએ ૭૭૦ કરોડનો માલ ઈમ્પોર્ટ કરી હાલના ગુનામાં સક્રીય ભાગ ભજવ્યો હોવાનું જણાઈ આવે છે. આ પ્રકારે રકમ દેશ બહાર મોકલવાથી દેશની અર્થવ્યવસ્થા ઉપર વિપરીત અસર પડે તેમ છે. જેથી આ ગુનો દેશ વિરોધી ગુનો પણ ગણી શકાય તેમ છે. ગુડ્ઝની ફરિયાદપક્ષે જણાવેલ કિંમત આશરે રૂ.૨૬ હજાર કરોડ ધ્યેન લેતા ગુનાની ગંભીરતા ખુબ જ વધી જાય છે.આરોપી વિરુધ્ધનો ગુનો ખૂબ જ ગંભીર પ્રકારનો ગણી શકાય તેમ છે. વળી દિન પ્રતિદિન આ પ્રકારના ગુનામાં વધારો થઈ રહ્યો છે. ડીઆરઆઈએ પરપ્લેમિસ્ટ ગ્લોબલ પ્રાઈવેટ લિ.ના ડિરેકટર ક્રિષ્નન જયશંકર ઐયરને સમન્સ પાઠવીને પુછપરછ કરી હતી. જેમાં કંપનીએ ઈમ્પોર્ટના ડોકયુમેન્ટમાં ખોટા ગુડઝની હકીકત દર્શાવી તે હોંગકોંગની કંપનીઓમાંથી કેરી ઈન્ડો લોજિસ્ટિક પ્રાઈવેટ લીમીટેડના સેઝમાં આવેલ વેર હાઉસમાં રાખી હતી. ત્યાંથી ગુડઝ સીંગાપોર, યુએસઈમાં એકસપોર્ટ કર્યુ હતુ. જેમાં ગુડસ ઈમ્પોર્ટ કરતા સમયે રકમની ચુકવણી થયેલુ પરંતુ એકસપોર્ટ કરેલ તેની કોઈ રકમ ભારત પરત આવેલ નહોતી. જેથી કસ્ટમમાં મીસડેકલેરેશન કરી આ રકમનો ઉપયોગ અન્ય કામે કર્યો હોવાના પુરાવા મળતા ડીઆરઆઈએ ક્રિષ્નન જયશંકર ઐયરની ધરપકડ કરીને જેલમાં મોકલી આપ્યા હતા.

## વિશેષ

#### રાજ્યમાં ૩૭૮ સ્થળોએ 'નમો કે નામ રક્તદાન' કાર્યક્રમનું આયોજન : કુલ ૨.૨૧થી વધુ રક્તવીરો દ્વારા રજિસ્ટ્રેશન કરાવાયું

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ કર્મચારી મંડળ અને શૈક્ષણિક સંઘો દ્વારા આયોજિત રાજ્યવ્યાપી મહારક્તદાન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સહભાગી થયા

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વસંધ્યાએ રક્તદાન એ માત્ર ઉજવણી નહીં, પરંતુ જીવન બચાવવાનો મહાયજ્ઞ

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ અમદાવાદ ખાતે મદદગાર પરિવાર તથા રાજ્યના કર્મચારી મંડળો તથા શૈક્ષણિક સંઘો દ્વારા આયોજિત 'નમો કે નામ રક્તદાન' કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વસંધ્યાએ આયોજિત રક્તદાન કાર્યક્રમને માત્ર ઉજવણી નહીં, પરંતુ જીવન બચાવવાનો મહાયજ્ઞ ગણાવ્યો હતો.






આ તકે મુખ્યમંત્રીશ્રીએ ઑફિશિયલ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ, યુરોપ તથા વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ્સ, લંડનના પ્રતિનિધિઓના હસ્તે ૫૬,૨૫૬ યુનિટ રક્ત એકત્ર કરવા અંગેના વિશ્વ વિક્રમનો સ્વીકાર કરી, એકત્રિત રક્ત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને સમર્પિત કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ રક્તદાન કાર્યક્રમનું આયોજન કરીને કર્મચારી મંડળ, શિક્ષણ સંઘ અને વિવિધ વિભાગના કર્મચારીઓએ સમાજસેવાનું પ્રતિબિંબ પૂરું પાડ્યું છે. તેમણે વડાપ્રધાનશ્રીના શબ્દો દોહરાવતાં ઉમેર્યું કે આર્થિક દાન કરવામાં આવે, ત્યારે તેની તસ્વી લાગે છે, પણ રક્તદાતા સાયલન્ટ ડોનર છે, અને એટલે જ આ મહાદાન છે.

શ્રી પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ જનસેવાને જીવનમંત્ર બનાવીને 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે દેશમાં વિકાસનો નવો અધ્યાય રચ્યો છે. તેમના નેતૃત્વમાં જે નીતિઓ નિર્માણ પામી તેના કેન્દ્રમાં ગરીબ, વંચિત અને છેવાડાનો માનવી રહેલો છે. તેના જ પરિણામસ્વરૂપ, છેલ્લાં ૧૦ વર્ષમાં દેશના ૨૫ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

તેમણે ઉમેર્યું કે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગરીબ કલ્યાણ સાથે દેશની સીમાઓ પણ સુરક્ષિત છે. તેમની અડગ નિર્ણાયકતાના કારણે જ દેશની બહાદુર સેનાએ ઓપરેશન સિંદૂર નવા ભારતની શક્તિ દેશ અને દુનિયાને દર્શાવી છે. ઓપરેશન સિંદૂર માટે ૧૪૦ કરોડ દેશવાસીઓ વડાપ્રધાનશ્રી અને સેનાને અભિનંદન આપી રહ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી પટેલે કહ્યું કે જેમ રક્ત એ શરીરમાં ચાલકબળ છે, એ જ રીતે આટલી મોટી સંખ્યામાં રક્તદાનનો સંકલ્પ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં લોકોના વિશ્વાસનું પ્રતિબિંબ છે. જે લોકોનો વડાપ્રધાનશ્રી માટે વિશ્વાસ દર્શાવે છે કે તેઓ નવા અને વિકસિત ભારતનું પ્રેરણાબળ છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે વર્ષ-૨૦૧૪થી વડાપ્રધાનશ્રીના જન્મદિવસને સેવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આવતીકાલ તા.૧૭મી સપ્ટેમ્બરથી રાજ્યવ્યાપી સેવા પખવાડિયાનો પણ પ્રારંભ થઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ ગરીબોને તેમનો હક સીધો જ પ્રાપ્ત થાય, તે હેતુથી સેચ્યુરેશન અપ્રોચ અપનાવ્યો છે.

તેમણે ઉમેર્યું કે રક્તદાન એ માત્ર જીવનદાનનું કાર્ય નથી, પરંતુ કરુણા, પ્રેમ અને સામાજિક જાગૃતિનું પ્રતીક છે. એક વ્યક્તિના રક્તદાનથી કોઈ માતાને તેમનો પુત્ર મળી શકે છે, કોઈ બાળકને તેમના પિતાનો ચહેરો જોઈ શકે છે અને કોઈ વ્યક્તિના જીવનમાં આશાનું કિરણ પ્રસરી શકે છે. માનવતાના પવિત્ર કાર્યમાં તમામ રક્તદાતાઓ એક અર્થમાં દેવદૂત સમાન છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણ માટે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ સાથે સ્વચ્છ ભારત અને મેદસ્વિતા મુક્ત ભારતનું પણ આહવાન કર્યું છે. લોકોના જીવનને ઉન્નત બનાવવા માટે તેમણે આહાર, આવાસ, આરોગ્ય અને આવકના ચાર સ્તંભ દર્શાવ્યા છે. ત્યારે સૌ ઉપસ્થિતોને યોગ, પ્રાણાયામ અને કસરત દ્વારા મેદસ્વિતા મુક્ત

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદ, ચારનાં મોત બીડમાં એરફોર્સ, આર્મીનું રેસ્ક્યુ મિશન

## બીડમાં પૂરની સ્થિતિ વધુ વણસતાં ભારતીય વાયુદળના ચોપરની મદદથી ૧૧ લોકોને એરલિફ્ટ કર્યા હતા. જ્યારે લશ્કર દ્વારા ૪૦ લોકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરાયું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદને પગલે પરિસ્થિતિ વિકટ બની છે. મરાઠવાડાના આઠ પૈકીના પાંચ જિલ્લા જળમગ્ન બન્યા હતા. અનેક નદીઓમાં ઘોડાપૂર આવતાં સંખ્યાબંધ ગામોમાં પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા એરફોર્સ અને લશ્કરની મદદ લેવામાં આવી હતી. રાજ્યના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ભારે વરસાદને પગલે તંત્રએ બીડ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં મંગળવારે રજા જાહેર કરી હતી. મુંબઈ અને પૂણે સહિતના સંખ્યાબંધ શહેરોમાં ગાજવીજ સાથે વરસાદથી જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. વરસાદ સંલગ્ન ઘટનાઓમાં ચાર લોકોનાં મોત નિપજ્યા હતા. બીડમાં પૂરની સ્થિતિ વધુ વણસતાં ભારતીય વાયુદળના ચોપ રની મદદથી ૧૧ લોકોને એરલિફ્ટ કર્યા હતા. જ્યારે લશ્કર દ્વારા ૪૦ લોકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરાયું હતું. મરાઠાવાડાના બીડ જિલ્લો પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયો હતો. અષ્ટિ તાલુકાના કડા ગામ નજીકના શેરી ખુર્દમાં એક જ પરિવારના





અગિયાર લોકો ફસાયા હતા. સોમવારે નાસિકથી એરફોર્સનું ચોપર બોલાવીને એરલિફ્ટ કરી તમામનું સુરક્ષિત સ્થળાંતર કરાયું હતું. લશ્કરની ટુકડીએ એનડીઆરએફ તથા અન્ય એજન્સીની મદદથી આ જ વિસ્તારમાંથી અન્ય ૪૦ લોકોને બચાવ્યા હતા. ધારાશિવ જિલ્લાના કેશેગાંવમાં ૨૪ કલાકમાં ૧૦૫ મીમી વરસાદ નોંધાયો હતો. બીડ જિલ્લાના અષ્ટિ તાલુકાના આઠ ગામોનો મુખ્ય મથકથી સંપર્ક કપાઈ ગયો હતો. બીડ, લાતુર, ધારાશિવ, પરભણી અને હિંગોલી જિલ્લાના ૩૨ રેવન્યુ સર્કલમાં ભારે વરસાદ પડ્યો હતો.મુંબઈમાં રવિવાર રાતથી પડી રહેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ઓફિસના કલાકોમાં ટ્રાફિકની સમસ્યા સર્જાી હતી. સોમવારે સવારે મોનોરેલ સેવા વધુ એક વખત ખોરવાઈ હતી. વરસાદને પગલે એક મહિનામાં બીજી વાર મોનોરેલ સેવા ઠપ થઈ હતી. સવારે ૭.૧૬ કલાકે વડાલા ખાતે એન્ટોપ હિલ બસ ડેપો અને જીટીબીએન સ્ટેશન વચ્ચે ટ્રેનમાં તકનિકી ક્ષતિ સર્જાતા તે બંધ પડી હતી. તમામ ૧૭ મુસાફરોને સલામત નીચે ઉતારવામાં આવ્યા હતા. દાદર, કુર્લા અને બાંદ્રા સ્ટેશને લોકલ ટ્રેનના ટ્રેક પર પાણી ભરાઈ ગયા હતા. થાણેમાં ગુડ્ઝ ટ્રેન પાટા પર ખોરવાતાં લોકલ ટ્રેન સેવાને અસર થઈ હતી.

## ન્યૂઝ બ્રિફ

### ડ્રગ્સ મુદ્દે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વધ્યો, ટ્રમ્પના આદેશ બાદ જહાજ પર મોટો હુમલો



। (એજન્સી) મુંબઇ, તા.૧૭ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર અમેરિકાની સેનાએ વેનેઝુએલા પાસે દરિયામાં ડ્રગ કાર્ટેલ સાથે જોડાયેલી શીપ પર મોટો હુમલો કર્યો છે. અમેરિકાનો દાવો છે કે આ શીપમાં ડ્રગ્સ ભરીને અમેરિકા લાવવામાં આવી રહ્યું હતું. હુમલા બાદ ટ્રમ્પે જાણકારી આપતા કહ્યું કે આ કાર્યવાહીમાં ત્રણ લોકો માર્યા ગયા છે. નોંધનીય છે કે અમેરિકા તરફથી વેનેઝુએલા પર છેલ્લા એક મહિનામાં આ બીજો મોટો હુમલો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૨૮ સેકન્ડનો વીડિયો શેર કર્યો છે. જેમાં એક જહાજ પર વિસ્ફોટ અને આગ લાગી હોય તેવા દ્રશ્યો દેખાઈ રહ્યા છે. જોકે આ વીડિયો સાબિત નથી થતું કે જહાજ પર ડ્રગ્સ જ લઈ જવામાં આવતું હતું. ટ્રમ્પે કહ્યું છે કે ડ્રગ્સ નેટવર્ક અને નાર્કો ટેરરિસ્ટ પર કાર્યવાહીના રૂપે આ હુમલો કરવામાં આવ્યો છે. જોકે સમગ્ર મામલે હજુ સુધી વેનેઝુએલા દ્વારા કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. નોંધનીય છે કે અગાઉ ત્રીજી સપ્ટેમ્બરે અમેરિકાએ વેનેઝુએલાથી ડ્રગ્સ લઈ જતાં જહાજ પર હુમલો કર્યો હતો જેમાં ૧૧ના મોત થયા હતા. અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે.

### ૩૧ જાન્યુઆરી સુધીમાં તમામ નગર નિગમ અને પંચાયતની ચૂંટણી કરાવવા નિર્દેશ આપ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં તમામ સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરાવવાનો નિર્દેશ આપ્યો છે. ત્યાર બાદ હવે કોઈ વિસ્તાર થશે નહીં. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ પણ નિર્દેશ આપ્યો કે સીમાંકનની પ્રક્રિયા ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી પૂરી થઈ જવી જોઈએ અને તેને ચૂંટણી ટાળવાનો આધાર બનાવી શકાય નહીં. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની ૫ ીઠે ૬ મેના રોજ આપેલા પૂર્વ આદેશના અનુપાલનમાં રાજ્ય ચૂંટણી પંચની ધીમી કાર્યવાહી પર અસંતોષ વ્યક્ત કર્યો. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, જિલ્લા પરિષદો, પંચાયત સમિતિઓ અને તમામ નગર પાલિકાઓની ચૂંટણી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી કરાવવી ફરજિયાત છે. રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી ટાળવાના કારણોમાં ઈવીએમની કમી, બોર્ડ પરીક્ષાના કારણો સ્કૂલો ન મળવી અને કર્મચારીઓની તૈનાતીમાં મોડું થવાનું કારણ બતાવ્યું. કોર્ટે કહ્યું કે, માર્ચ ૨૦૨૬માં થનારી બોર્ડ પરીક્ષાઓ ચૂંટણી ટાળવાનો આધાર બની શક્તિ નથી અને SEC સમય પર નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે.

ભારતીય મૂળના ચંદ્ર નાગમલ્લૈયાની હત્યા સામે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ગુસ્સે ભરાયા

## ભારતીયની હત્યાના આરોપીને પકડ્યો છે, કડક સજા કરીશું: ટ્રમ્પ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકાના ટેક્સાસના ડલ્લાસ શહેરમાં ભારતીય મૂળના વ્યક્તિ ચંદ્ર નાગમલ્લૈયાનું માથું વાઢીને ક્રૂર હત્યા કરાઈ હતી. આ મામલામાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે આકરી પ્રતિક્રિયા આપી છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ ઘટના માટે પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડનને નિશાન પર લીધા અને કહ્યું કે ચંદ્રની હત્યાનો આરોપી યોર્ડોનિસ કોબોસ માર્ટિનેજ પહેલા પણ ગંભીર મામલામાં પકડાઈ ચુક્યો છે. માર્ટિનેજને ક્યુબાએ પરત લેવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ બાઈડનના સમયમાં આ વ્યક્તિ(આરોપી)ને અમેરિકામાં રહેવાની મંજૂરી મળી, જેનું પરિણામ આપણી સામે છે. આ મામલા



પછી ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેમની સરકારમાં આવા ગુનેગારોને છોડવામાં આવશે નહીં, કારણ કે હું અમેરિકાને સુરક્ષિત બનાવવાનું કામ કરી રહ્યો છું. આરોપીની ધરપકડ કરી લેવાઈ છે અને તેને આકરી સજા કરાશે.ઉલ્લેખનીય છે કે, ચંદ્ર નાગમલ્લૈયાની ટેક્સાસના ડલ્લાસ શહેરમાં ગત સપ્તાહે માથું વાઢીને હત્યા કરાઈ હતી. ચંદ્ર અહીં એક મોટેલમાં મેનેજર તરીકે કામ કરતો હતો. ચંદ્રની હત્યા પર રાષ્ટ્રપતિ ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેમને આ ક્રૂર ઘટના અંગે ખબર પડી છે. એક સન્માનિત વ્યક્તિની હત્યા તેની પત્ની અને પુત્રીની સામે થઈ છે. આ હત્યા - ક્યુબાથી ગેરકાયદે આવેલા વ્યક્તિએ કરી, જે અમેરિકામાં હોવો જોઈતો ન હતો. અમે ગુનેગારને પકડી લીધો છે અને આકરી સજા કરીશું.આ મામલામાં સત્તાપક્ષ રિપબ્લિકનના નેતાઓ ક્યુબાનો હવાલો આપીને બાઈડનની ઈમિગ્રેશન નીતિને આ હત્યા માટે જવાબદાર ઠેરવી રહ્યા છે. ટ્રમ્પે જાહેરમાં આ(હત્યા) માટે બાઈડનને જવાબદાર ઠેરવ્યા છે.

બોકારો ક્ષેત્રમાંથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ

## ઝારખંડમાં રૂ.૧ કરોડના ઈનામી સહિત 3 નક્સલવાદી ઠાર કરાયા

। (એજન્સી) રાંચી, તા.૧૭ ।

ઝારખંડના હજારીબાગના ગિરહોર ક્ષેત્રના પનતીતરી જંગલોમાં સોમવારે સવારે સુરક્ષા દળોએ ત્રણ નક્સલવાદીઓને ઠાર કર્યા છે, જેમાં એક નક્સલી પર રૂપિયા એક કરોડનું ઈનામ હતું, અને એનું નામ સહદેવ સોરેન છે. આ દરમિયાન નક્સલવાદી સહદેવ સોરેનના અન્ય બે સાથીઓ પણ માર્યા ગયા છે. આ ઘટનાના સંદર્ભમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, આ ઓપરેશન પછી ઉત્તર ઝારખંડના બોકારો ક્ષેત્રમાથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. જલદીમાં જલદી આખો દેશ નક્સલવાદની સમસ્યામાંથી મુક્ત



થશે. સોમવારે કોબરા અને ગિરિડીહ તથા હજારીબાગ પોલીસની સંયુક્ત ટીમો અભિયાનના ભાગરુપે જંગલોમાં નીકળી હતી. સુરક્ષા દળોની ટુકડીઓને ગુપ્ત માહિતી મળી કે સહદેવ સોરેન કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની તૈયારીમાં છે. આ માહિતીના આધારે પહોંચેલી ટીમો અને નક્સલવાદીઓની વચ્ચે જૂથ અથડામણ શરુ થઈ હતી. સર્ચ ઓપરેશન દરમિયાન ત્રણ મૃતદેહ મળી આવ્યા. સહદેવ સોરેન ઉપરાંત રઘુનાથ હેબ્રમ ઉર્ફે નિર્ભય તરીકે થઈ છે. તેના પર રાજ્ય સરકારે રૂપિયા ૨૫ લાખનું ઈનામ જાહેર કર્યું હતું. જ્યારે ઠાર કરાયેલા ત્રીજો નક્સલીનું નામ બીરસેન ગંઝૂ હતું, અને તેના પર પણ રૂપિયા ૧૦ લાખનું ઈનામ જાહેર કરેલું હતું. સુરક્ષા દળોએ ઘટનાસ્થળ પરથી ત્રણ એકે-૪૭ ઓટોમેટિક હથિયાર જપ્ત કર્યા છે. અને તેના પર પણ રૂપિયા ૧૦ લાખનું ઈનામ જાહેર કરેલું હતું. સુરક્ષા દળોએ ઘટનાસ્થળ પરથી ત્રણ એકે-૪૭ ઓટોમેટિક હથિયાર જપ્ત કર્યા છે.



પ્રેમ નગર નજીક, વાદળ ફાટવાથી નદીમાં પૂર આવ્યું ત્યારે દ્રફ્ટઇહ્નના જવાનો વીજળીના થાંભલા પર ફસાયેલા એક વ્યક્તિને બચાવી રહ્યા છે.

ટેરિફ લાદવાની ટ્રમ્પની હાકલ સામે ચીનની વળતી ચીમકી

## ચીન સાથે વાટાઘાટોથી ટ્રમ્પ ખુશ, USમાં ફરી ટીકટોક શરૂ થવાના સંકેત આપ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને એક સમયે આંખના કણાની જેમ ખૂંચી રહેલા ચીન માટે સદભાવ વધી રહ્યો છે. મેડ્રિડ ખાતે ચીન સાથે ટ્રેડ વાટાઘાટો સકારાત્મક દિશામાં આગળ વધી રહી હોવાનું જણાવતા ટ્રમ્પે યુએસમાં ફરી વાર ટીકટોક શરૂ થવાના સંકેત આપ્યા છે. શુક્રવારે ચીનના પ્રમુખ શી જિનપિંગ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સીધી વાતચીત થવાની છે, જેમાં ટ્રેડ ડીલ અંગે મહત્ત્વની જાહેરાત થઈ શકે છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, યુરોપમાં યુએસ અને ચીન વચ્ચે મોટી ટ્રેડ મીટિંગ ખૂબ સરસ રહી છે.અમેરિકાના યુવાનો ચીનની જે ચોક્કસ કંપનીને સેવ કરવા માગી રહ્યા છે તે બાબતે પણ ડીલ થઈ છે. શુક્રવારે જિનપિંગ સાથે સીધી વાત થવાની છે. ટ્રમ્પની આ ટિપ્પણી ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટીકટોક સંદર્ભે હોવાનું મનાય છે. આ બેઠકમાં યુએસના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટ અને ચીનના નાયબ પ્રમુખ હે લિફેંગ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રમ્પે ૨૭ અને નાટો રાષ્ટ્રોને રશિયા પાસેથી ક્રૂડ આયાત કરતા દેશો પર ટેરિફ ઝીંકવા હાકલ કરી છે.

નોર્થ-ઈસ્ટના રાજ્યમાં રાજકીય ઉથલપાથલ

## મેઘાલયમાં ૮ મંત્રીઓએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યુ

। (એજન્સી) મેઘાલય, તા.૧૭ ।

મેઘાલયમાં મંગળવારે (૧૬મી સપ્ટેમ્બર) મંત્રીમંડળમાં ફેરફાર પહેલા ૧૨માંથી ૮ મંત્રીઓએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપનારાઓમાં દિગ્ગજ નેતાઓ એ.એલ. હેક, પોલ લિંગડોહ અને એમ્પારીન લિંગડોહનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ રાજીનામા મંત્રીમંડળમાં નવા ચહેરાઓને સ્થાન આપવાના ઉદ્દેશ્યથી આપવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, નેશનલ પીપલ્સ પાર્ટી(NPP)ની આગેવાની હેઠળની મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ (MDA) સરકારના વડા મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ રાજભવન ખાતે રાજ્યપાલ સી.એચ. વિજયશંકરને મળ્યા અને મંત્રીઓના રાજીનામા સુપરત કર્યા. મંત્રીમંડળમાં જોડાયેલા નવા મંત્રીઓને મંગળવારે સાંજે ૫ વાગ્યે રાજભવન ખાતે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યાનુસાર, રાજીનામું આપનારા આઠ મંત્રીઓમાં NPPના અમ્પારિન લિંગદોહ, કામિંગવાન યામ્બોન, રક્કમ એ સંગમા અને અબુ તાહેર મંડલ, યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી (UDP)ના પોલ લિંગદોહ અને કાર્મેન શૈલા, હિલ સ્ટેટ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (HSPDP)ના શકલિયાર વારજારી અને ભાજપના એ.એલ. હેકનો સમાવેશ થાય છે.

## એઆઈ દેશની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવશે

। નવી દિલ્હી, તા.૧૭ ।

નીતિ આયોગના રિપોર્ટ મુજબ એઆઈ ૨૦૩૫ સુધીમાં ભારતની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવી શકે છે. તેની સાથે એઆઈ અનેક નોકરીઓનું સર્જન પણ કરી શકે છે. આ બધુ દેશના બધા જ ઉદ્યોગો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કેટલી ઝડપથી અને કેટલા અસરકારક રીતે અપનાવે તેના પર નિર્ભર છે. ઉલ્લેખનીય છે કે એઆઈને લઈને કેટલાય ભયસ્થાનો બતાવવામાં આવી રહ્યા છે.આ સંજોગોમાં નીતિ આયોગના રિપોર્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું અલગ જ ચિત્ર રજૂ કર્યું છે. નીતિ આયોગના રિપોર્ટ વિકસિત ભારત માટે એઆઈમાં




ઝડપી આર્થિક વૃદ્ધિના અવસર અંગે જણાવવામાં આવ્યું છે કે આગામી દાયકામાં એઆઈનો વ્યાપક ઉપયોગ વૈશ્વિક અર્થતંત્રમાં ૧૭ લાખ કરોડ ડોલરથી લઈને ૨૬ લાખ કરોડ ડોલરનો ફાળો આપી શકે છે.નાણાપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે ટેકનોલોજીકલ ઈનોવેશન્સની સાથે-સાથે તેના નિયંત્રણો પણ તેટલી જ ઝડપથી વૃદ્ધિ પામે તે જરુરી છે. તેમા પણ ખાસ કરીને એઆઈ ટેકનોલોજી પરનું નિયંત્રણ સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાકીને કરાય તે જરૂરી છે. નિયંત્રણોએ પણ અત્યાધુનિક સંશોધનો સાથે તાલમેળ મિલાવવાની જરૂર છે. આપણને તેવા કોઈ નિયંત્રણોની જરૂર નથી, જે આખી ટેકનોલોજીને જ સાફ કરી નાખે. તેના બદલે આપણે ટેકનોલોજીના દુરુપયોગને નિયંત્રિત કરતા નિયંત્રણોની જરૂર છે. અહેવાલ મુજબ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત જેવા ક્ષેત્રોમાં કર્મચારીઓની મોટી સંખ્યામાં હાજરી, ઝડપથી થતાં સંશોધન અને મજબૂત ડિજિટલ ક્ષમતા ભારતના પરિવર્તનમાં મહત્ત્વની હિસ્સેદાર બની શકે છે. ભારતને તેનાથી વૈશ્વિક એઆઈ મૂલ્યના ૧૦થી ૧૫ ટકા ફાયદો ઉઠાવવાની કે તેના હિસ્સેદાર બનવાની તક મળશે. આગામી દિવસોમાં વૈશ્વિક એઆઈ માર્કેટમાં ભારતના નામનો ડંકો વાગતો હોય તો આશ્ચર્ય નહીં થાય. નીતિ આયોગે જણાવ્યું હતું કે એઆઈ કેટલાય રુટિન કામોનું સ્થાન લઈ લેશે તે હકીકત છે. તેમા ક્લાર્ક, કેશિયર, વોઈસ સર્વિસ, ઓનલાઈન સર્વિસ, કસ્ટમર કેર વગેરેનો સમાવેશ થાય છે. તેની સામે એઆઈથી કેટલીય નવી નોકરીઓનું સર્જન થશે તે પણ હકીકત છે. મોટાપાયા પર આ નોકરીઓનું સર્જન થશે. આ ક્ષેત્રોનો જીડીપીમાં ૨૦થી ૨૫ ટકા ફાળો એઆઈના કારણે આવી શકે છે.

મંડીમાં વાદળ ફાટતાં તારાજી

## હિમાચલમાં મેઘરાજાનું તાંડવ : બસ સ્ટેન્ડ ડૂબ્યું

### રાજ્યમાં અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોને કારણે કુલ ૪૦૯ લોકોનાં મોત થયા છે

। (એજન્સી) શિમલા, તા.૧૭ ।

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે ફરી એકવાર કહેર વર્તાવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ મંડીના ધરમપુરમાં વાદળ ફાટવાને કારણે બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું અને શિમલામાં ભૂસ્ખલનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ વરસાદ હવે માત્ર હવામાનનો ફેરફાર નહીં, પરંતુ લોકો માટે એક મોટી મુસીબત બની ગયો છે, જેના કારણે ચારેબાજુ પાણી, કાટમાળ અને વિનાશ જોવા મળી રહ્યો છે.ગઈ રાત્રે ધરમપુરમાં ભારે વરસાદથી આખું બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું, જેમાં બસો અને અન્ય વાહનો તણાઈ ગયા. સોન ખડનું જળસ્તર વધતા લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું. આ ઘટનામાં એક વ્યક્તિ ગુમ છે. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે લોકોએ રાત્રે ઘરની છત પર ચઢીને પોતાનો જીવ બચાવ્યો અને પોલીસે તત્કાળ બચાવ કામગીરી શરૂ કરી હતી.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડું આવ્યું, જેના કારણે ૩ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૯૩ રસ્તાઓ બંધ રહ્યા. છેલ્લા ૨૪ કલાકમાં જોગીન્દરનગરમાં ૫૬ મિમી, પાલમપુરમાં ૪૮ મિમી, પંડોહમાં ૪૦ મિમી અને કાંગડામાં ૩૪.૨ મિમી સહિત અનેક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો. આ દરમિયાન, નગરોટા સુરિયાંમાં ૩૦ મિમી, મંડીમાં ૨૭.૫ મિમી, સરાહનમાં ૧૮.૫ મિમી, મુરારી દેવીમાં ૧૮.૨ મિમી, ભરેરીમાં ૧૭.૬ મિમી અને કરસોગમાં ૧૭ મિમી વરસાદ પડ્યો.હવામાન વિભાગ મુજબ, કાંગડા, જોત, સુંદરનગર અને પાલમપુરમાં ગાજવીજ સાથે વરસાદ થયો, જ્યારે રિકાંગપિયો અને સેઓબાગમાં તેજ પવન ફૂંકાયો. રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર અનુસાર, આ ઘટનાને કારણે ૪૯૩ રસ્તાઓ, જેમાં ત્રણ મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે, વાહનવ્યવહાર માટે બંધ રહ્યા. આ ઉપરાંત, ૩૫૨ વીજળી ટ્રાન્સફોર્મર અને ૧૬૩ જળ-પુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે.રાજ્યમાં ૨૦ જૂનથી ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોને કારણે કુલ ૪૦૯ લોકોનાં મોત થયા છે અને ૪૧ લોકો ગુમ છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યને ૪,૫૦૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ સિઝનમાં ૧ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં, હિમાચલ પ્રદેશમાં ૯૯૧.૧ મિમી સરેરાશ વરસાદ નોંધાયો, જે સામાન્ય કરતાં ૪૪% વધુ છે. ચોમાસું ૨૦થી ૨૫ સપ્ટેમ્બરની વચ્ચે રાજ્યમાંથી વિદાય લેવાની શક્યતા છે.


## તંત્રી લેખ...

# વિશ્વના ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઇ

૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ કતારની રાજધાની દોહામાં ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઈ હતી. જેમાં, ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશન (ઁઝ) ના સભ્ય દેશો અને આરબ દેશોએ બેઠકમાં હાજરી આપી હતી.ઁઝ ની આ ઈમરજન્સી બેઠક કતારમાં ઈઝરાયેલી હુમલા અંગે યોજાઈ હતી, જેમાં તમામ દેશોને ઈઝરાયેલ સામે કાનૂની અને અસરકારક પગલાં લેવા અપીલ કરવામાં આવી હતી. પાકિસ્તાની અખબાર ધ ડોનના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે ઈઝરાયેલે કતારમાં હમાસ નેતાઓને નિશાન બનાવ્યા હતા અને હુમલો કર્યો હતો. બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, આ અધિકારીઓ ગાઝા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા કરી રહ્યા હતા, પરંતુ ઈઝરાયેલે આ હુમલો કરીને તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે, તેથી તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. હમાસનું કહેવું છે કે, ઈઝરાયેલી હુમલામાં ૬ લોકો માર્યા ગયા છે. જોકે, હમાસના ટોચના અધિકારીઓ બચી ગયા છે.ઁઝ દેશોએ સંયુક્ત નિવેદનમાં અપીલ કરી છે કે, દરેક વ્યક્તિએ ઈઝરાયેલ વિરુદ્ધ કાયદેસર અને કડક પગલાં લેવાની જરૂર છે, અને બધા દેશોએ તેની સાથેના તેમના રાજદ્વારી અને આર્થિક સંબંધો પર પણ ધ્યાન આપવું જોઈએ, કારણ કે તે લગભગ બે વર્ષથી પેલેસ્ટિનિયનો પર હુમલો કરી રહ્યું છે. આ દેશોએ સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલનું સભ્યપદ સમાપ્ત કરવા માટે પ્રયાસો કરવાની પણ અપીલ કરી છે. બેઠકનો હેતુ ઈઝરાયેલ પર દબાણ લાવવાનો હતો, જેથી ગાઝામાં તેના ચાલી રહેલા હુમલાઓને રોકી શકાય. બેઠકમાં ૬૦ દેશોના વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓએ હાજરી આપી હતી, પરંતુ સંયુક્ત આરબ અમીરાત, બહેરીન અને મોરોક્કોએ બેઠક માટે પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આ ત્રણ દેશોએ પાંચ વર્ષ પહેલાં ઈઝરાયેલને અબ્રાહમ કરાર હેઠળ માન્યતા આપી હતી. આ ઉપરાંત, કતાર, ઈજિપ્ત અને જોર્ડન પણ તેને માન્યતા આપનારા દેશોમાં સામેલ છે.

ઈઝરાયેલનું દ્વ સભ્યપદ સમાપ્ત કરવાની અપીલકતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે.

## ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા 'રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦' થીમ અંતગર્ત આયોજિત વિશ્વનું સૌથી મોટુ 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું ઉદ્ઘાટન કર્યું



। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ અવસર પર તેમજ અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના પોતાના ૬૧મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦' થીમ અંતગર્ત આયોજિત વિશ્વનું સૌથી મોટા 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું ઉદ્ઘાટન કર્યું હતું. આ અવસરે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસર પર અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા રક્તદાન અમૃત મહોત્સવ-૨.૦ અંતર્ગત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વિશ્વની સૌથી મોટી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મોદીજીના 'સેવા પરમો ધર્મ'ના વિઝનથી પ્રેરિત આ ઐતિહાસિક પહેલ માનવતા પ્રત્યે કરુણા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે વધુમાં કહ્યું કે રક્તદાન માત્ર જીવન બચાવવા માટે નથી તે સમુદાયોને મજબૂત કરવા અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે પણ છે. આ કાર્યક્રમ થકી કરોડો લોકોને નવી પ્રેરણા પણ મળી રહી છે. આપણે ઘણા મોટા નેતાઓનો જન્મદિવસ મોટી કેક કાપતાં કે પછી હાર પહેરાવતાં જ જોયો છે, પરંતુ મોદીજીના શાસનમાં આ બધું જાણે કે બદલાઈ ગયું હોય એમ એમનો જન્મદિવસ લાખો કરોડો લોકો માટે હસવાનું તેમજ ચહેરા ઉપર ખુશીનું કારણ બન્યું છે. ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું કે દેશના વડાપ્રધાન શ્રી માટે કોઈ સમાજ તેમજ સંસ્થા દ્વારા આટલા મોટા પાયા પર બ્લડ ડોનેશનનું આયોજન કરવામાં આવ્યું એ ખૂબ સહારાનીય છે. આ અવસરે ગૃહરાજ્યમંત્રીએ આ ઉમદા કાર્યને તેમજ ભવ્ય સફળતા અપાવવા માટે એક સાથે આવી રહેલા તમામ આયોજકો અને હજારો રક્તદાતાઓનો આભાર વ્યક્ત પણ કર્યો હતો. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આયોજિત 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'ની મુલાકાત પણ લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ અભિયાન અંતગર્ત ૭૫ દેશોમાં ૭૫૦૦થી વધુ રક્તદાન કેમ્પ આયોજિત કરવામાં આવ્યા છે, જેમાં ૩ લાખ યુનિટ રક્ત એકત્રિત કરવાનું લક્ષ્ય છે. આ પ્રસંગે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

**દિવસ રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે**

# "મંદિર તારું વિશ્વ રૂપાળું" એ પ્રાર્થનાં માં કવિ મંદિર કોને કહે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો અને તેમનું વતન અમદાવાદ છે, નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતાં. આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ, તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણાં બધાં પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે. તેમણે અનુવાદ પણ ઘણાં બધાં પુસ્તકોનું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરનાં અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાંએ સાંભળી જ હશે.**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે મમ્મીની પાંચમી પુણ્યતિથિ છે! એટલે કે શ્રાદ્ધ છે, જોકે માબાપને યાદ કરવાં પુણ્યતિથિ કે જન્મ દિવસની જરૂર પડતી નથી. સર્જન વિસર્જન તો સૃષ્ટિની અનેરી ખાસિયત છે, એનો બહુ લાંબો હરખ શોક ન હોય, એવાં સહજ અને પ્રથમ જ્ઞાનની મમ્મી જનેતા રહી, અને આવી તો કેટલીય ઉચ્ચ છતાં સહજ જ્ઞાનની વાતો એ કરતી!આજે ગુરુવાર પ્રાર્થનાનો દિવસ ! અને મમ્મી ગીત, ભજન, પ્રાર્થનાં બહુ ગાતી, એટલે આજે એને બહુ ગમતી એક પ્રાર્થનાં! પ્રાર્થનાં એ એક એવો ઘંટ છે કે જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે. કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌનાં હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવાંની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતાં આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે, એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં દરેક વ્યક્તિઓની વ્યથા એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે, અને આપણને કોઈ પણ પ્રકારનાં અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકામાં ફુલ ઉગે છે,રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ, ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બનીને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. શું આ બધું ઈશ્વર નથી? આ બધું જ અંતે તો આપણું પોષણ કરનારા મૂળભૂત પંચમહાભૂત ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી, પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે મમ્મીએ શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી, ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી



આવે, કોઈની મદદ કરવાથી આવે,થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે, વગેરે વગેરે. તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

**★★ મંદિર તારું વિશ્વ રૂપાળું★★**

**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે**
**પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે**
**----મંદિર**
**નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે**
**નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે --મંદિર**
**વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે**
**મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે**
**---મંદિર**

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો અને તેમનું વતન અમદાવાદ છે, નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતાં. આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ, તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણાં બધાં પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે. તેમણે અનુવાદ પણ ઘણાં બધાં પુસ્તકોનું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરનાં અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાંએ સાંભળી જ હશે.

ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચનાને બીજામાં નિરક્ષર લોકકવિની રચના. રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ, બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા. ઉપરાંત એક બે ગ્રંથનું સંપાદન પણ કર્યું, રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતા, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતાં પણ હતાં.જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યાં હતાં. આપણું ગુજરાતી સાહિત્ય આવાં ઉચ્ચ ગજાનાં કવિ કે લેખકથી હર્યુંભર્યું છે! અને આપણને તેની માટે સદાય ગર્વ રહેશે.

પ્રાચીન કે અર્વાચીન પ્રાર્થના ભજન કે ગીત ના શબ્દો જોઈએ તો આપણેને એમ થાય, કે સમય બદલાય છે, એની સાથે સાથે ઘણું બધું બદલાય છે. ઈશ્વરને પ્રસન્ન કરવા માટેના દરેક યુગમાં અલગ અલગ સાધન બતાવાયા છે. જેમ કે પહેલા વેદ ઉપનિષદની શ્રુતિ કે ઋચા અથવા તો મોટા મોટા સ્તોત્ર અને પછી આદિદેવ શંકરાચાર્ય દ્વારા સ્તુતિ સ્તવન રચાયા! પણ એ બધું અંતે તો ભારેખમ સંસ્કૃતમા. આપણી પ્રાર્થના ઓ જોઈએ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો, જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી. આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી, કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધાં જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમાને સમજે છે, તે એ દેવત્વ અને પ્રણામ કરીને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યાં, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિમાં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઈ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરનાં આવાં સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહવંદન અને જય સીયારામ.

---

**જળ તત્ત્વના દેવ શિવ: શિવની ઉપાસના કરવાથી જ્ઞાન મળે છે**

# માનવજીવનનું લક્ષ્ય ભોગ નથી પણ ભજન છે. સમભાવ અને સદભાવ સિદ્ધ કરવા માટે સત્સંગની જરૂર છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**દક્ષ યજ્ઞમાં આપણે જોયું કે, અનન્ય ભક્તિનો અર્થ એવો નથી કે, એક જ દેવને માને અને બીજા દેવને ન માને. અનન્ય ભક્તિનો અર્થ એ છે કે, અનેકમાં એક જ દેવને નિહાળે. પ્રભુ સર્વવ્યાપક છે સર્વમાં છે.જે સર્વમાં પ્રભુનાં દર્શન કરે, તે જ ઉત્તમ વૈષ્ણવ.**

શ્રાદ્ધ પક્ષ પૂર્ણતા તરફ જઈ રહ્યો છે,તેમ તેમ આદ્ય શક્તિની ઉપાસના આરાધનાના પર્વ નવલાં નોરતાંનો થનગનાટ ખેલૈયમાં અત્યારથી જોવા મળે છે કેટલાક નગરો મહા નગરોમાં તો ગરબાની પ્રેક્ટીસના કલાસીસ શરૂ થઈ જાય છે બસ સોમવારથી પહેલું નોરતું ઘટસ્થાપનથી શરૂ થશે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આદ્યશક્તિ જગદંબાઆજે પિતા દક્ષને વંદન કરે છે.દક્ષ મુખ ફેરવી લે છે. સતી ફરીથી પ્રણામ કરેછે.સતીને જોતાં દક્ષને ક્રોધ થયો. વગર નિમંત્રણે આ કેમ અહીં આવી હશે?દક્ષ દક્ષ નથી પણ અદક્ષ છે.

સતી વિચારે છે, મારા પિતા મારી સામું પણ જોતા નથીતો મારે હવે અહીં રોકાઈને કામ શું?હું ઘરે જઈશ. માતાજી યજ્ઞમંડપમાં ભ્રમણ કરે છે.જુએ છે તો ત્યાં સર્વ દેવોની સ્થાપના હતી.એક શિવજીની સ્થાપના ન હતી. સતી એ જોયું તો યજ્ઞમાં દરેક દેવને યજ્ઞ ભાગ આપવામાં આવેલો, પણ શંકરને યજ્ઞભાગ આપવામાં આવ્યો નથી.શિવજીનું આસન રાખવામાં જ આવ્યું નથી.આજે ઈશાન દિશા ખાલી હતી.પિતાએ સતીનું અપમાન કર્યું. તે સતીએ સહન કર્યું.પણ સતીથી પતિદેવનું અપમાન સહન થતું નથી. સતીને અતિ દુઃખ થયું. જગદંબાને ક્રોધ આવ્યો. માથે બાંધેલ વેણી છૂટી ગઈ.દેવો માતાજીને વંદન કરે છે. માતા,ક્રોધ કરો નહીં!સતી કહે, ક્રોધ હું બીજા ઉપર નહીં કરું. મારા જ શરીર ઉપર કરીશ.આ શરીરથી મેં પાપ કર્યું છે. પતિની આજ્ઞાનો મેં ભંગ કર્યો છે.આ શરીરને હું બાળી દઈશ. સભામાં જગદંબાએ ૨૩ શ્લોકમાં પિતાને સંબોધીને ભાષણ કર્યું છે.જે શરીરને આત્મા ગણે છે તે શિવ તત્ત્વને શું જાણે? મોટા મોટા દેવો શંકરના ચરણનો આશ્રય લે છે. શિવકૃપા વગર બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી શિવકૃપા વગર શ્રીકૃષ્ણ ભક્તિ મળતી નથી પ્રવૃત્તિ નિવૃત્તિથી પર થઈ સ્વ સ્વરૂપમાં લીન રહેનારા શિવજી પરબ્રહ્મ પરમાત્મા છે. મને દુઃખ થયું છે કે, શિવનિંદા કરનારા દક્ષની હું કન્યા છું. સતી ઉત્તર દિશા તરફ મુખ રાખી બેઠાં. શરીર છોડવા યોગમાર્ગમાં સ્થિર થયાં.શિવજીનું ધ્યાન કરતાં કરતાં માતાજીએ શરીરમાં અગ્નિ તત્ત્વની ભાવના કરી. અંદરથી ક્રોધાગ્નિ બહાર આવ્યો,શરીર બળવા લાગ્યું. આદિશક્તિ જગ દંબાનો ક્રોધ!હવે શું બાકી રહે?

ભગવાન શંકર સનકાદિક ઋષિ ઓ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરે છે. નારદજી રડયા કરે છે.તમારું અપમાન માતાજી સહન કરી શક્યા નહીં.સતીએ દેહત્યાગ કર્યો છે.આપ આ લોકોને સજા કરો.શિવજી કહે,મારે કોઈને સજા કરવી નથી.ગંગાજીને માથે રાખે તેને ક્રોધ આવે



ક્યાંથી? તેમને ક્રોધ ત્રાસ આપી શકે નહીં. કામ ત્રાસ આપી શકે નહીં.બહુ સરળ થઈએ તો જગતમાં લોકો દુર્બળ માને છે.નારદજીએ જ્યારે કહ્યું કે, તમારા ગણોને પણ માર પડ્યો છે,ત્યારે શિવજીને થોડો ક્રોધ થયો. જટામાંથી વીરભદ્ર પ્રગટ થયો.વીરભદ્રને શંકરે કહ્યું, જા,દક્ષ પ્રજાપતિના યજ્ઞનો નાશ કર.યજ્ઞભૂમિ સ્મશાન ભૂમિ બની છે.યજ્ઞનો વિધ્વંસથયો દક્ષનેપકડી મસ્તક અલગ કર્યું.દેવો ગભરાયા. દેવો બ્રહ્માજીને શરણે ગયા. બ્રહ્માજીએ ઠપકો આપ્યો કે જે યજ્ઞમાં શિવજીની પૂજા ન હતી ત્યાં તમે ગયા જ કેમ?જાઓ શિવજીની ક્ષમા માગો!બ્રહ્માજી સાથે દેવો બધાકૈલાસમાં આવે છે અને બધા શિવને પ્રણામ કરે છે. પછી બ્રહ્માજી હસતાં હસતાં કહે છે યજ્ઞ પરિપૂર્ણ થાય તેવું કરો! શિવજી ભોળા છે.તરત ઊભા થયા.યજ્ઞમંડપમાં લોહીનીનદીઓ વહેતી જોઈ વીરભદ્રને ઠપકો આપ્યો. પછી દક્ષના ધડ ઉપર અજ એટલે બોકડાનું માથું ચોંટાડવામાં આવે છે. શિવજીની નિંદા કરનારા બીજા જન્મમાં બોકડો થાય છે.

અજનો બીજો અર્થ છે પરબ્રહ્મ. દક્ષના ધડ ઉપર અજનું માથું મૂકવામાં આવ્યું.એટલે કે દક્ષને પછી પરબ્રહ્મ દૃષ્ટિ પ્રાપ્ત થઈ. અજ મસ્તક એટલે બ્રહ્મદૃષ્ટિ.

હવે દક્ષ પ્રજાપતિ જાગ્યોને શિવ સ્તુતિ કરવા લાગ્યો.તેણે શિવનું પૂજન કર્યું એટલે શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ થયા. શિવજીમાં અને શ્રીકૃષ્ણમાં ભેદ રાખે તે નરકગામી બને છે.આ સિદ્ધાંતનું અનેક વખત ભાગવત માં વર્ણન કર્યું છે.હરિ અને હરમાં જે ભેદ રાખેલો તે હવે દૂર થયો. એકનાથ મહારાજે ભાવાર્થ રામાયણમાં હરિહરને અભેદ બતાવ્યો છે.સત્ત્વગુણનો રંગ ધોળો છે,તમોગુણનો રંગ કાળો છે. વિષ્ણુ ભગવાન સત્ત્વગુણના માલિક છે એટલે હોવો જોઈએ વર્ણ શ્યામ,તેમ છતાં તેમનો વર્ણ શ્વેત છે.આમ કેમ થયું!શિવજી ગોરા અને વિષ્ણુ કાળા! એકનાથજી મહારાજ લખે છે કે, શિવજી આખો દિવસ નારાયણનું ધ્યાન કરે છે એટલે નારાયણનો રંગ આવ્યો શિવજીમાં અને નારાયણ શિવજીનું ધ્યાન સતત કરે છેતેથી શિવજીનો રંગ આવ્યો વિષ્ણુમાં,એટલે તેઓ થયા શ્યામ આ પ્રમાણે પરસ્પર એકબીજાનું ધ્યાન કરે છે.તે ધ્યાનમાં એવો ગુણ છે કે,જે જેનું ધ્યાન કરે,તેના જેવો વર્ણ થાય.આથી બંનેમાં અભેદ છે,હરિહર એક છે.શિવ કૃપા વગર સિદ્ધિ મળતી નથી, બ્રહ્મવિદ્યા મળતી નથી જીવમાત્ર માં શિવતત્ત્વ એક જ છે એ બતાવવાનો ભગવાનનો ઉદ્દેશ છે. શિવજી નિવૃત્તિધર્મના આચાર્ય છે અને શ્રીકૃષ્ણ પ્રવૃત્તિધર્મના આચાર્ય છે.સર્વ પ્રકારની પ્રવૃત્તિ હોવા છતાં જરાય ન લેપાયએ આદર્શ જગતને બતાવ્યો છે શ્રીકૃષ્ણે. દક્ષ યજ્ઞમાં આપણે જોયું કે, અનન્ય ભક્તિનો અર્થ એવો નથી કે, એક જ દેવને માને અને બીજા દેવને ન માને. અનન્ય ભક્તિનો અર્થ એ છે કે, અનેકમાં એક જ દેવને નિહાળે. પ્રભુ સર્વવ્યાપક છે સર્વમાં છે.જે સર્વમાં પ્રભુનાં દર્શન કરે, તે જ ઉત્તમ વૈષ્ણવ. પોતાના એક ઈષ્ટદેવમાં પરિપૂર્ણ ભાવ રાખવો અને બીજા દેવોને પોતાના ઈષ્ટદેવના અંશરૂપ માની વંદન કરવાં.પત્ની અનન્ય ભાવ પતિમાં રાખે છે અને બીજા સગાં ઓમાં સામાન્ય પ્રેમ રાખે છે. કેટલાક વૈષ્ણવો કહે છે કે, અમે શિવજીની પૂજા કરીએ તો અમને અન્યાશ્રયનો દોષ લાગે એટલે તેઓ કપડું શિવ એમ પણ બોલતા નથી.આ ભૂલ છે.કપડું શિવ કહેવાથી શિવજી દોડી આવે એટલા સસ્તા નથી. પાંચ દેવો એક જ છે,તેમાં ભેદ બુદ્ધિ ન રાખવી.શિવ અને પાર્વતી નાં લગ્ન કરવામાં આવેલાં ત્યારે પણ ગણપતિનું પૂજન કરવામાં આવેલું.ગણપતિ બ્રહ્મ રૂપ છે.તે તો નિત્ય છે,પણ પાર્વતીને ત્યાં તેમનો અવતાર થયો છે.આ બધાને માનો પણ બાલકૃષ્ણની સેવા ન કરો તો ન ચાલે.પરમાત્માશ્રીકૃષ્ણ પ્રેમનું દાન કરે છે અને તે પ્રેમ વિના જ્ઞાન પણ શુષ્ક છે.આ શરીર પંચાયત છે. પંચતત્ત્વોનું આ શરીર બનેલું છે.એક એક તત્ત્વ એક એક દેવ છે.આ પંચાયતનના પાંચ દેવો-પ્રધાન દેવો છે.પૃથ્વી તત્ત્વના દેવ ગણેશ, ગણેશની ઉપાસનાથી વિઘ્નોનો નાશ થાયછે.ગણેશ વિઘ્નહર્તા છે ગણપતિના પૂજનથી તમારા સત્કાર્યમાં વિઘ્ન નહીં આવે. જળ તત્ત્વના દેવ શિવ: શિવની ઉપાસના કરવાથી જ્ઞાન મળે છે. તેજ તત્ત્વના દેવ સૂર્યની ઉપાસના નિરોગી બનાવે છે.સૂર્ય આરોગ્ય આપે છે.સૂર્ય પૃથ્વી ઉપર સાક્ષાત્ પ્રત્યક્ષ દેવ છે.રોજ કંઈ નહીં તો અગિયાર સૂર્યનમસ્કાર કરો. સૂર્યને નમસ્કાર પ્રિય છે.શિવને જળ પ્રિયછે,શ્રીકૃષ્ણને અલંકાર પ્રિયછે બ્રાહ્મણને? બ્રાહ્મણને લાડુ પ્રિય છે!વાયુ તત્ત્વના દેવ માતાજી. માતાજીની ઉપાસના ધન આપે છે.




## જાહ્નવી કપૂર અને શિખર પહાડિયાના લગ્નના પ્લાનિંગની ચર્ચાઓ શરૂ

### જાહ્નવી અને તેના બોયફ્રેન્ડ તરીકે ઓળખાતો શિખર પહાડિયા અનેક વખત મંદિરોમાં અને જાહેરમાં સાથે દેખાય છે

જાહ્નવી કપૂરની એક પછી એક ફિલ્મ રિલીઝ થઈ રહી છે, હજુ તો 'પરમ સુંદરી' થિએટરમાં ચાલી રહી છે, ત્યાં તેની બીજી ફિલ્મની રિલીઝની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. હવે તેની વરુણ ધવન સાથેની ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી' આવી રહી છે. તાજેતરમાં મુંબઈમાં આ ફિલ્મની ટ્રેલર લોંચની ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં તેને તેનાં લગ્નના પ્લાનિંગ વિશે પ્રશ્ન પૂછાયો હતો. જેના જવાબે ઘણી ચર્ચાઓને વેગ આપ્યો છે.જાહ્નવી અને તેના બોયફ્રેન્ડ તરીકે ઓળખાતો શિખર પહાડિયા અનેક વખત મંદિરોમાં અને જાહેરમાં સાથે દેખાય છે. તેમના સંબંધો અંગે કરન જોહરના શો પર પણ વાત થઈ ચૂકી છે. જાહ્નવીની આવનારી ફિલ્મમાં લગ્નની વાત છે, ત્યારે આ ફિલ્મના ટ્રેલર લોંચમાં તેને તેનાં લગ્નના પ્લાનિંગ વિશે પ્રશ્ન પુછાયો હતો. તો જાહ્નવીએ આ પ્રશ્નને ઉડાવી દેવાની કોશિશ કરી હતી. તેણે જવાબમાં કહ્યું હતું, "હાલ મારું પ્લાનિંગ માત્ર સુધી જ છે. લગ્નના પ્લાનિંગમાં હજુ ઘણો સમય બાકી છે."જાહ્નવી કપૂર અને શિખર પહાડિયા ઘણા સમયથી એકબીજા સાથે છે. જોકે, તેણે આ સંબંધને ખુલીને ક્યારેય સ્વીકાર્યો નથી, પરંતુ તેઓ એકબીજા સાથે જાહેરમાં દેખાતાં રહે છે. અગાઉ જાહ્નવી શિખરના નામનું નેકલેસ પહેરીને પણ જોવા મળી હતી, તેઓ એકબીજાના હાથમાં હાથ નાખીને પણ જોવા મળ્યાં છે. તાજેતરમાં એક મેગેઝિનના ઈન્ટરવ્યૂમાં પણ જાહ્નવીને તેના લગ્ન અને હનીમૂનના પ્લાન વિશે પૂછાયું હતું. જેમાં તેણે કહ્યું હતું, "મને એટલી ખબર છે કે મારે તિરુપતિમાં લગ્ન કરવા છે. મારે ત્યાં વધારો લોકો બ્લકુલ નથી જોઈતા. મારે જલદી લગ્ન કરી લેવા છે, પણ મારું હનીમૂન લાંબું હશે. મને એ પણ ખબર છે કે, હું લગ્નમાં જે પણ પહેરીશ તે મનીષ મલ્હોત્રાએ જ ડિઝાઈન કર્યું હશે કારણ કે એ મારો ફેવરીટ છે અને પ રિવાર જેવો છે."


# વિદ્યુત જામવાલ ભારતીય યોગને હોલિવૂડમાં લઇ જશે, હોલિવૂડ ફિલ્મ 'સ્ટ્રીટ ફાઇટર'માં તે ધાલસિમનો રોલ કરશે

### આ ફિલ્મ જાપાનીઝ અમેરિકન ફિલ્મ મેકર કિતાઓ સાકુરાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને સ્ટ્રીટ ફાઇટર વીડિયો ગેમ સિરીઝ પર આધારીત છે



બોલિવૂડનો એક્શન હિરો વિદ્યુત જામવાલ હોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તે હોલિવૂડ ફિલ્મ સ્ટ્રીટ ફાઈટરમાં ધાલસિમના રોલમાં જોવા મળશે. હાલ આ ફિલ્મનું ઓસ્ટ્રેલિયમાં શૂટિંગ ચાલી રહ્યું છે. ત્યારે એક ઈન્ટરવ્યૂમાં વિદ્યુત જામવાલે કહ્યું કે ગેમિંગ આઈકોન ધાલસિમનો રોલ કરવો એ તકને હું મારા નસીબ તરીકે જોઉં છું. વિદ્યુત જામવાલે કહ્યું, "એવું લાગે છે, જાણે મેં આખી જિંદગી આ રોલ માટે જ મહેનત કરી છે. જાણે ઈશ્વરે બધી જ ગોઠવણ કરી દીધી છે. ક્રેક પછી લોકોએ મને નકામો જ માની લીધો હતો, પરંતુ મને સતત આ રોલ માટે કલ્પના કરી અને હવે લાગે છે, કંઈ પણ શક્ય છે."વિદ્યુત જામવાલે કહ્યું, "જ્યારે ક્રેક ન ચાલી તો, હું મારા ગુરુજી પાસે ગયો, બેંગ્લોરમાં ડૉ.નાગેન્દ્ર, એસ-વ્યાસ યુનિવર્સિટી(સ્વામી વિવેકાનંદ યોગ અનુસંધાન સંસ્થાન). એમણે મારી સ્કિલ્સ પર સઘન તપાસ કરી. તેમણે મને આંતરરાષ્ટ્રિય સ્તરે જઈને યોગના મોટા પ્રમાણમાં પ્રચાર પ્રસારની સલાહ આપી. તેનાં તરત પછી મેં સ્ટ્રીટ ફાઈટર માટે ઓડિશન આપ્યું – અને એ એક યોગગુરુ યોદ્ધા માટેનું જ નીકળ્યું. ભારતીય યોગને હોલિવૂડમાં લઈ જવા એ એક આશીર્વાદ સાબિત થયા."વિદ્યુતે ધાલસિમના પાત્રને "ભગવાન પરશુરામનો સીધો શિષ્ય" ગણાવ્યો અને ભારપૂર્વક કહ્યું કે તેનું પાત્ર ભારતીય યોગ વિજ્ઞાનમાં મૂળ ધરાવે છે. "એ પૈસા કે પ્રસિદ્ધિ માટે નહીં પણ સેવા ને માનવતા માટે લડે છે."આ ફિલ્મ જાપાનીઝ અમેરિકન ફિલ્મ મેકર કિતાઓ સાકુરાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને સ્ટ્રીટ ફાઈટર વીડિયો ગેમ સિરીઝ પર આધારીત છે. આ ફિલ્મ વિશે વિદ્યુતે કહ્યું, "ગેમિંગના આ પાત્ર માટેના મારા લૂકમાં ઘણી મહેનત કરવી પડી પણ તેની વાર્તા અને ફાઈટમાં કોઈ મુશ્કેલી પડી નથી. કદાચ એવું લાગે છે કે મેં મારી આખી જીંદગી એના માટે જ મહેનત કરી છે. જાણે ઈશ્વરે બધી જ ગોઠવણ કરી દીધી છે. ક્રેક પછી લોકોએ મને નકામો જ માની લીધો હતો અને કહેતાં હતાં કે હવે કોઈ જ કામ થશે નહીં. પરંતુ મને સતત આ રોલ માટે કલ્પના કરી અને હવે લાગે છે, કંઈ પણ શક્ય છે. હોવિલૂડમાં કામ કરવું અઘરું અને અલગ છે અને મેં તેના વિશે ક્યારેય વિચાર્યું પણ નહોતું. પરંતુ મારા ગુરુજીના આશીર્વાદથી આ શક્ય બન્યું."

## રાષ્ટ્રીય પુરસ્કારો ફક્ત દેખાડો છે : મનોજ બાજપેયી



જાણીતા અભિનેતા મનોજ બાજપેયી એ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉઠાવ્યા છે અને શાહરુખ ખાન ને શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર ગુમાવવા પર પણ પ્રતિક્રિયા આપી છે. મનોજે પુરસ્કારોને ફક્ત શણગારની વસ્તુ ગણાવી અને બદલાતા સ્વરૂપ પર ચિંતા વ્યક્ત કરી.તાજેતરમાં યોજાયેલા ૭૧મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં, શાહરુખ ખાનને 'જવાન' માટે શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર મળ્યો, અને તેના પર હજુ પણ ચર્ચા ચાલી રહી છે. આ શાહરુખની કારકિર્દીનો પહેલો રાષ્ટ્રીય પુરસ્કાર હતો, જેના માટે તે ખૂબ જ ઉત્સાહિત છે. જોકે, ઘણા લોકોએ જ્યુરીના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મનોજ બાજપેયીને 'સિર્ફ એક બંદા કાફી હૈ' માટે મળવો જોઈએ. હવે મનોજ બાજપેયીએ આ અંગે પોતાનું મૌન તોડ્યું છે.મનોજ બાજપેયીએ કહ્યું, 'તે નકામું છે કારણ કે તે હવે સમાપ્ત થઈ ગયું છે.

# કેન્સર સામે જંગ લડતી અભિનેત્રીનું દર્દ છલકાયું

'લાઈફ ઈન અ મેટ્રો' ફેમ એક્ટ્રેસ નફીસા અલી કેન્સરથી પીડિત છે. તેને ૨૦૧૮માં પેરિટોનિયલ કેન્સર થયું હતું, હવે એક્ટ્રેસે પોતાની હેલ્થ અપડેટ આપી છે. તેણે જણાવ્યું કે, તે ફરી કીમો થેરાપી શરૂ કરશે કારણ કે, તેની સર્જરી થઈ શકે એમ નથી. એક્ટ્રેસે મંગળવારે સોશિયલ મીડિયા પર એક પ ોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે એક સ્ક્રીનશૉટ મૂક્યો હતો, તેમાં લખ્યું હતું કે, 'એક દિવસ મારા બાળકોએ પૂછ્યું તમારા ગયા પ છી અમે કોની સામે જોઈશું? મેં તેમને કહ્યું કે, એકબીજાની સામે જોજો. આ જ મારી સૌથી મોટી ગિફ્ટ છે. ભાઈ-બહેન એક જ પ્રેમ અને યાદો શેર કરે છે. એકબીજાની રક્ષા કરો. યાદ રાખો કે, તમારૂં બંધન જિંદગીની કોઈપણ વસ્તુથી વધારે સ્ટ્રોન્ગ છે.'આ સાથે નફીસાએ કેપ્શનમાં લખ્યું કે, 'મારી જર્નીનું આજથી નવું ચેપ્ટર. ગઈકાલે મારુંઁ ઈ્ સ્કેન થયું. હવે ફરી મારી કીમોથેરાપી શરૂ થશે કારણ કે, સર્જરી શક્ય નથી. વિશ્વાસ રાખો, મને



જિંદગીથી ખૂબ પ્રેમ છે.'આ સાથે એક્ટ્રેસે ફેસબુક પર પણ ફોટો શેર કર્યો. આ સાથે સ્કેન અને ખુદની તસવીર પણ શેર કરી. આ આર્ટિકલના સ્ક્રીનશૉટ પણ શેર કર્યો., જેમાં તે સ્ટેજ ૪ કેન્સર વિશે વાત કરી રહી છે. નોંધનીય છે કે, ૨૦૧૮માં નફીસાને સ્ટેજ ૩ પેરિટોનિયલ કેન્સર થયું હતું. ૨૦૧૯માં તે કેન્સર ફ્રી થઈ ગઈ હતી. જોકે, હવે એક વાર ફરીથી તેમને કેન્સર થઈ ગયું છે. પોતે કેન્સરથી એ કપરા સમય વિશે વાત કરતા નફીસાએ જણાવ્યું હતું કે, 'મને દર ૩ મહિને ચેકઅપ માટે જવાનું હોય છે. પાંચ વર્ષ બાદ જ કહી શકાશે કે, કેન્સર ઠીક થયું કે નહીં.' જેમાં તે સ્ટેજ ૪ કેન્સર વિશે વાત કરી રહી છે. નોંધનીય છે કે, ૨૦૧૮માં નફીસાને સ્ટેજ ૩ પેરિટોનિયલ કેન્સર થયું હતું. ૨૦૧૯માં તે કેન્સર ફ્રી થઈ ગઈ હતી. જોકે, હવે એક વાર ફરીથી તેમને કેન્સર થઈ ગયું છે. પોતે કેન્સરથી એ કપરા સમય વિશે વાત કરતા નફીસાએ જણાવ્યું હતું કે, 'મને દર ૩ મહિને ચેકઅપ માટે જવાનું હોય છે. પાંચ વર્ષ બાદ જ કહી શકાશે કે, કેન્સર ઠીક થયું કે નહીં.'

### ચહલ સાથે છૂટાછેડા બાદ ધનશ્રી ભાવુક

## હવે હું લગ્ન નહીં કરું, એકલી જ ખુશ છું : ધનશ્રી વર્મા



ધનશ્રીએ ૨૦૨૦માં ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ બંનેના ૨૦૨૫માં છૂટાછેડા થયા અને અલગ થઈ ગયા

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની એક્સ વાઈફ અને એક્ટ્રેસ ધનશ્રી વર્મા હાલમાં 'રાઈઝ એન્ડ ફોલ' શૉમાં ચર્ચામાં છે. ચાહકોને શોમાં ધનશ્રીનો બેબાક અંદાજ જોવા મળી રહ્યો છે. ધનશ્રી ઘણીવાર યુઝવેન્દ્ર ચહલ સાથે છૂટાછેડા પર પણ વાત કરતી જોવા મળે છે. ધનશ્રી તેના તૂટેલા લગ્નથી એટલી દુઃખી છે કે, હવે તે ફરીથી લગ્ન કરવા નથી માગતી. આ વાતનો ઉલ્લેખ તેણે પવન સિંહ સામે કર્યો. એક્ટ્રેસની વાત સાંભળીને ભોજપુરી સ્ટારે કેવી પ્રતિક્રિયા આપી તે જાણીએ.૧૫ સપ્ટેમ્બરના એપિસોડમાં ધનશ્રી વર્મા નયનદીપ રક્ષિત અને પવન સિંહ સાથે પોતાના સપના વિશે વાત કરતી દેખાય રહી છે. ધનશ્રી કહે છે કે મને ખૂબ જ સારું સપનું આવ્યું. મેં જોયું કે હું સરસવના ખેતરમાં ઉભી છું અને ખૂબ જ ખુશ છું. તે ખૂબ જ સુંદર દૃશ્ય હતું. આના પર નયનદીપ કહે છે કે શું તું એકલી હતી કે તારી સાથે કોઈ હતું. તો ધનશ્રીએ કહ્યું કે હું એકલી હતી. ત્યારે નયનદીપ કહે છે કે તો પછી શું ફાયદો.ધનશ્રી આગળ કહે છે કે, 'હવે મને કોઈની જરૂર નથી. હું એકલી જ ખુશ છું. મેં રિલેશનશિપમાં ઘણું સહન કર્યુ છે. મને લાગે છે કે હું ઈન્ડસ્ટ્રીની ફીમેલ સલમાન ખાન છું. હું બીજા લગ્ન નહીં કરું. હવે હું આખી જિંદગી સિંગલ જ રહીશ.' પ વન સિંહે કહ્યું કે કહેવું ખૂબ જ સરળ છે, પરંતુ આવું નથી હોતું. જીવનમાં કોઈક તો જોઈએ જ.સોમવારે શૉમાં પેન્ટહાઉસના નવા રુલર માટે નોમિનેશન ટાસ્ક થયો હતો. આ ટાસ્કમાં નયનદીપે અર્જુન બિજલાનીને રુલર માટે દાવેદાર બનાવ્યો હતો. ધનશ્રીને આશા હતી કે તે તેને રુલર બનાવવા માટે નોમિનેટ કરશે. તેથી નયનદીપના આ એક્શનથી દુઃખી થઈ જાય છે. તે વોશરૂમમાં જાય છે અને રડવા લાગે છે. ધનશ્રીએ નયનદીપને કહ્યું કે, હું આ શોમાં માત્ર પવન સિંહ પર જ વિશ્વાસ કરું છું. જ્યારે નયનદીપે પોતાના કાઉન્ટરમાં કહ્યું કે હું શૉમાં જે પણ નિર્ણય લઉં છું, તેનાથી ધનશ્રીને સમસ્યા છે.એક્ટ્રેસની પર્સનલ લાઈફની વાત કરીએ તો તેણે ૨૦૨૦માં ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ બંનેના ૨૦૨૫માં છૂટાછેડા થયા અને અલગ થઈ ગયા. તેનાથી ધનશ્રીને સમસ્યા છે.એક્ટ્રેસની પર્સનલ લાઈફની વાત કરીએ તો તેણે ૨૦૨૦માં ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ બંનેના ૨૦૨૫માં છૂટાછેડા થયા અને અલગ થઈ ગયા.

# 'જોલી એલએલબી 3' પર સેન્સર બોર્ડે ચલાવી કાતર

### સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તમામ ફેરફારો બાદ ૨ સપ્ટેમ્બરના રોજ આ ફિલ્મને 'U/A' પ્રમાણપત્ર આપ્યું છે.

કોમેડી-કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'જોલી એલએલબી'(૨૦૧૩) અને 'જોલી એલએલબી ૨૨ (૨૦૧૭)ની સફળતા બાદ હવે તેના ફિલ્મમેકર્સ 'જોલી એલએલબી ૩' લઈને આવી રહ્યા છે. ખાસ વાત એ છે કે, આ ફિલ્મમાં અક્ષયકુમાર અને અરશદ વારસી બંને ફિલ્મમાં જોવા મળશે. બંને અભિનેતાઓને આમનેસામને જોવા માટે તેમના ચાહકો આતુર થઈ રહ્યા છે. પરંતુ ૧૯ સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં રિલીઝ થનારી આ ફિલ્મ પર સેન્સર બોર્ડે કાતર ફેરવી છે. જેથી આ ફિલ્મના મેકર્સને કેટલાક સીન તથા ડાયલોગ હટાવવાની ફરજ પડી છે.સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન એ ફિલ્મમાંથી કેટલાક સંવાદો અને દ્રશ્યો દૂર કરવા અથવા સુધારવાની સૂચના આપી હતી. જેમાં સૌપ્રથમ ફિલ્મના જૂના ડિસ્ક્લેમરને હટાવીને એક નવું ડિસ્ક્લેમર ઉમેરવાનું કહેવામાં આવ્યું છે. ફિલ્મમાં સ્થળ અને વર્ષનું કાલ્પનિક નામ ઉમેરવા માટે નિર્માતાઓને નિર્દેશ આપવામાં આવ્યો હતો.પ ોલીસ એક વૃદ્ધ વ્યક્તિ પર હુમલો કરે છે તે દ્રશ્યમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેટલાક સંવાદો સુધારીને નવા સંવાદો મૂકવામાં આવ્યા છે, જેમ કે 'જાનકી અમ્મા કા ગાંવ સિર્ફ એકપ ચેક મુહ પર ફેક કે મારા' ને બદલે બીજો યોગ્ય સંવાદ મૂકવામાં આવ્યો છે. એક દ્રશ્યમાં જાનકી (સીમા બિશ્વાસ) દ્વારા લઈ જવામાં આવતી ફાઈલ પરના લોગોને પણ બ્લર કરવામાં આવ્યો છે. આ સિવાય જ્યાં પણ દારૂની બ્રાન્ડ દેખાતી હતી, તેને પણ બ્લર કરવામાં આવી છે.સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તમામ ફેરફારો બાદ ૨ સપ્ટેમ્બરના રોજ આ ફિલ્મને 'ે/છ' પ્રમાણપત્ર આપ્યું છે. એક દ્રશ્યમાં જાનકી (સીમા બિશ્વાસ) દ્વારા લઈ જવામાં આવતી ફાઈલ પરના લોગોને પણ બ્લર કરવામાં આવ્યો છે. આ સિવાય જ્યાં પણ દારૂની બ્રાન્ડ દેખાતી હતી, તેને પણ બ્લર કરવામાં આવી છે.સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તમામ ફેરફારો બાદ ૨ સપ્ટેમ્બરના રોજ આ ફિલ્મને 'ે/છ' પ્રમાણપ ત્ર આપ્યું છે. ફિલ્મનો કુલ રનટાઈમ ૧૫૭.૧૬ મિનિટ (૨ કલાક, ૩૭ મિનિટ અને ૧૬ સેકન્ડ) છે. સુભાષ કપ ૂર દ્વારા ડિરેક્ટ કરવામાં આવેલી આ ફિલ્મમાં અક્ષય કુમાર અને અરશદ વારસી ઉપરાંત સૌરભ શુક્લા, અમૃતા રાવ, હુમા કુરેશી, ગજરાજ રાવ અને સીમા બિશ્વાસ પણ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. આ ફિલ્મમાં જગદીશ ત્યાગી(અરશદ વારસી) અને જગદીશ મિશ્રા(અક્ષય કુમાર) બંને એકબીજાની આમનેસામને કેસ લડતા જોવા મળશે. આ બંનેમાંથી કોની જીત થશે? એના માટે તમારે ફિલ્મ જોવા જવું પડશે. વારસી ઉપરાંત સૌરભ શુક્લા, અમૃતા રાવ, હુમા કુરેશી, ગજરાજ રાવ અને સીમા બિશ્વાસ પણ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. આ ફિલ્મમાં જગદીશ ત્યાગી(અરશદ વારસી) અને જગદીશ મિશ્રા(અક્ષય કુમાર) બંને એકબીજાની આમનેસામને કેસ લડતા જોવા મળશે. આ બંનેમાંથી કોની જીત થશે? એના માટે તમારે ફિલ્મ જોવા જવું પડશે.



# 'હું દારૂ-સિગારેટ પીને કોઈની ચાપલૂસી નથી કરતી' : અમિષા

### અમીષા પટેલ છેલ્લે ફિલ્મ 'ગદર ૨'માં સની દેઓલ સાથે જોવામાં આવી હતી, જે વર્ષ ૨૦૨૩માં રિલિઝ થઈ હતી

હૃતિક રોશન સાથે 'કહો ના... પ્યાર હૈ' ફિલ્મથી શાનદાર શરૂઆત કરનાર અભિનેત્રી અમીષા પટેલે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં પ ોતાના સંઘર્ષો વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકો મને પ સંદ નથી કરતા, કારણ કે હું ચાપલૂસી નથી કરતી.'એક ઈન્ટરવ્યૂમાં અમીષા પટેલે જણાવ્યું કે, 'ઓડિયન્સનો પ્રેમ સૌથી વધુ મહત્ત્વનો છે, પછી ભલે તમે કોઈ પણ ગ્રુપનો ભાગ હોવ. હા, હું અમુક ગ્રુપનો ભાગ નહોતી, હું શરાબ-સિગારેટ નથી પીતી, કામ માટે ચાપલૂસી નથી કરતી. મને જે પણ કામ મળે છે તે મારી મહેનતથી મળે છે. આ જ કારણથી કેટલાક લોકો મને પસંદ નથી કરતા. હું કોઈની પાછળ નથી ફરતી.'અમીષાએ આ અંગે વધુમાં કહ્યું કે, 'જ્યારે કરીના કપૂરે ફિલ્મ 'કહો ના પ્યાર હૈ' છોડી, ત્યારે મને તક મળી. જો હું ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી જ હોત, તો કદાચ હું પહેલી પસંદ હોત.'પોતાને 'આઉટસાઈડર' ગણાવતા અમીષાએ કહ્યું, 'ઈન્ડસ્ટ્રીમાં તમારા માટે ત્યારે વધુ મુશ્કેલીઓ આવે છે, જ્યારે તમારો પતિ કે બોયફ્રેન્ડ આ ઈન્ડસ્ટ્રીમાંથી ન હોય. તેમજ જ્યારે તમે પાવર કપલ તરીકે તમને રજૂ નથી કરતા ત્યારે પણ ઘણી વાર મુશ્કેલી સર્જાય છે. અન્ય લોકોની સરખામણીમાં ઓછો સપોર્ટ મળે છે, તેમજ તમને સપોર્ટ કરવાનું કોઈ ખાસ કારણ પણ નથી હોતું કારણ કે તમે એક આઉટસાઈડર છો.'અમીષા પટેલ છેલ્લે ફિલ્મ 'ગદર ૨'માં સની દેઓલ સાથે જોવામાં આવી હતી, જે વર્ષ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ૨૦૦૧માં આવેલી 'ગદરઃ એક પ્રેમ કથા'નો સીક્વલ હતી. અન્ય લોકોની સરખામણીમાં ઓછો સપોર્ટ મળે છે, તેમજ તમને સપોર્ટ કરવાનું કોઈ ખાસ કારણ પણ નથી હોતું કારણ કે તમે એક આઉટસાઈડર છો.'અમીષા પટેલ છેલ્લે ફિલ્મ 'ગદર ૨'માં સની દેઓલ સાથે જોવામાં આવી હતી, જે વર્ષ ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ ૨૦૦૧માં આવેલી 'ગદરઃ એક પ્રેમ કથા'નો સીક્વલ હતી.

# ઝાલોદ તાલુકાના લીમડી કન્યા શાળા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મોત્સવની ઉજવણી ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ કરાઈ

## તાલુકા કક્ષાનો ૭૬માં વન મહોત્સવની પણ ઉજવણી કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ તાલુકાના લીમડી કન્યા શાળા ખાતે ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫ મા જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત સહુ મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનો માટે સ્વાગત ગીત બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ હતું ત્યારબાદ બાળકો દ્વારા ૭૬ મા વન મહોત્સવ નિમિતે વૃક્ષો આપણા જીવનમાં કેટલા ઉપયોગી છે તેની સુંદર રજૂઆત ડાંસ પ્રોગ્રામ દ્વારા કરવામાં આવેલ હતી. સ્વાગત ગીત અને વૃક્ષો બચાવોના સુંદર નાટ્ય પ્રદર્શન કરનાર બાળકીઓને ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા રોકડ રકમ ઈનામમાં આપવામાં આવેલ હતુ. ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયાનુ સ્વાગત આદિવાસી બંડી, પુષ્પ ગુચ્છ, પાઘડી તેમજ શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું તેમજ ઉપસ્થિત સહુ મહાનુભાવોનુ સ્વાગત પણ કરવામાં આવેલ હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા ત્રણ વર્ષની બાળકીનુ પૂજન કરવામાં આવેલ હતું તેમજ નિવૃત્ત ફૌજી ભાઈઓનુ સન્માન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા દ્વારા પ્રવચનમા કહેવામાં આવ્યું હતું કે ૩૧ સપ્ટેમ્બર સુધી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિતે સેવા પખવાડિયા તરીકે કરવામાં આવેલ છે. તેમાં સહુ સેવામાં સહભાગી થાય તેવી અપીલ કરેલ હતી. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૭૫ મા જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવતા સેવા પખવાડિયા દરમિયાન અલગ અલગ વિસ્તારોમાં થતી વિવિધ કામગીરી વિશે સંક્ષિપ્તમા માહિતી આપેલ હતી. તેમજ ભારતમાં રહેતા ૧૪૦ કરોડ ભારતીયોના વડાપ્રધાન એવા નરેન્દ્ર મોદીએ દેશના વિકાશ માટેના સ્પષ્ટ વિઝનની પ્રસંસા કરેલ હતી. તેમજ વધુમાં કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સમગ્ર જીવન દેશના વિકાસ અને પ્રગતિ માટેનુ સમર્પિત જીવન છે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આખા વિશ્વમાં ભારતના વિઝન અને વિકાસની પરિભાષા મુકેલ છે અને તેઓની આજે વિશ્વના સર્વાધિક લોકપ્રિય વ્યક્તિઓમા ગણના થાય છે જે આપણે ભારતીય હોવાથી ગર્વ અનુભવ કરીએ છીએ. છેલ્લે ઉપસ્થિત સહુ મહાનુભાવો દ્વારા ૭૬ માં વન મહોત્સવ નિમિતે એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આજના તાલુકા કક્ષાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના ઉજવણી પ્રસંગે ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા, પ્રાંત અધિકારી અરવિંદ ભાટ-ીયા, મામલતદાર પરમાર, ટીડીઓ ગઢવી, સેવા સપ્તાહની ઉજવણીના મુખ્ય સમાહર્તા નરેન્દ્ર સોની, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા તેમજ તાલુકા વનમહોત્સવ અધિકારી ભાવેશ સિંઘવ અને કિરણ મછાર સહિત સરપંચો, નગરજનો, સહિત રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

# પશ્ચિમ રેલવે ચલાવશે ગાંધીધામ-સિયાલદહ અને ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી (દિલ્લી) વચ્ચે અઠવાડિક સ્પેશિયલ ટ્રેનો

। (રેલવે) અમદાવાદ, તા.૧૭ ।

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી અને છઠ પૂજા ફેસ્ટિવલ સીઝન દરમિયાન યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ગાંધીધામ-સિયાલદહ અને ભાવનગર ટર્મિનસ-શકૂર બસ્તી (દિલ્લી) વચ્ચે વિશેષ ભાડા પર અઠવાડિક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. વિગતો આ પ્રમાણે છે : ● ટ્રેન નંબર ૦૯૪૩૭/૦૯૪૩૮ ગાંધીધામ-સિયાલદહ-ગાંધીધામ સ્પેશિયલ (૦૮ ફેરા) ટ્રેન નંબર ૦૯૪૩૭ ગાંધીધામ-સિયાલદહ સ્પેશિયલ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૮ ઓક્ટોબર ૨૦૨૫ સુધી દરેક બુધવારે ગાંધીધામથી ૧૮.૨૫ કલાકે ઉપડશે તથા ત્રીજા દિવસે ૧૬.૧૫ કલાકે સિયાલદહ પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૩૮ સિયાલદહ-ગાંધીધામ સ્પેશિયલ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ સુધી દરેક શનિવારે સિયાલદાહથી ૦૫.૧૫ કલાકે ઉપડશે તથા ત્રીજા દિવસે ૦૨.૦૦ કલાકે ગાંધીધામ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન સામાખિયાલી, ધ્રાંગધ્રા, અમદાવાદ, છાયા પુરી, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ, ટૂંડલા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પં. દીનદયાળ ઉપાધ્યાય, ભભુઆ રોડ, સાસારામ, ડેહરી ઓનસોન, અનુગ્રહ નારાયણ રોડ, ગયા, કોડરમા,.

# મહારક્તદાન શિબિર કડાણા


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની



। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૭ ।

મહીસાગર જિલ્લા સંયુક્ત મોરચા દ્વારા આયોજિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર કડાણા ખાતે આજરોજ એટલે કે તારીખઃ-૧૬/૯/૨૫ ને મંગળવાર ના રોજ ૧૧ થી ૪ કલાક સુધી, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિન નિમિત્તે મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પ દરમિયાન સા.આ. કેન્દ્ર કડાણા ખાતે ૧૫૩ બ્લડ કલેક્ટ કરવામાં આવેલ હતા. આ કેમ્પ દરમિયાન મહીસાગર જીલ્લા સંયુક્ત મોરચા ના મહામંત્રીશ્રી, પ્રમુખશ્રી,કન્વીનરશ્રી,તથા સ્ટાફ કુલ ૧૫ હાજર રહેલ હતો. જેની અંદર ૫૭ જેટલા **Abha Card** કાઢવામાં આવેલ હતા. દરેકના સહકારથી કેમ્પનું આયોજન સફળ બનેલ હતું.

# ઝાલોદ નગરપાલિકા દ્વારા પીટીસી કોલેજ ઝાલોદ ખાતે સ્વચ્છતા હી સેવા ૨૦૨૫નો ઉદ્ઘાટન સમારોહનું યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૫ અંતર્ગત રાજ્ય વ્યાપી સ્વચ્છોત્સવની જાહેરાત કરેલ છે. આ અભિયાન ૧૭ એપ્રિલ થી ૩૧ ઓક્ટોબર સુધી ચાલનાર છે. ઝાલોદ નગરપાલિકાના ચીફ ઓફિસર યોગેશ ગણાત્રા દ્વારા નગરપાલિકાના પ્રમુખ રેખાબેન વસૈયા, ઉપપ્રમુખ ભાવનાબેન ડામોર, કારોબારી પ્રમુખ દિનેશ પંચાલ તેમજ દરેક કાઉન્સિલરો સાથે સંકલન જાળવી સ્વચ્છતા આજરોજ પી.ટી.સી કોલેજ ઝાલોદ ખાતે સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ નો ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના આ પ્રોગ્રામમાં ઝાલોદ શહેર પ્રમુખ તથા તમામ કર્મચારીઓએ ભાગ લીધો. જેમાં પી.ટી.સી કોલેજની બહેનો દ્વારા સ્વચ્છતાને લગતું નાટક ભજવવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી દ્વારા ઈનામ પણ આપવામાં આવ્યું નગરપાલિકાના ચીફ ઓફિસર યોગેશકુમાર. જે.ગણાત્રા દ્વારા સ્વચ્છતા બાબતે ખુબજ સરસ માહિતી આપવામા આવી હતી.

# ખેડા જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ "રાષ્ટ્રીય પોષણ માહ" ઉજવણી કરવામાં આવશે

। (માહિતી) નડિયાદ, તા.૧૭ ।

"સહી પોષણ દેશ રોશન" ના સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પોષણ અભિયાનની શરૂઆત ૮ મી માર્ચ, ૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આ વર્ષે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૫ દરમ્યાન સમગ્ર રાજય સહિત ખેડા જિલ્લામાં પણ પોષણ માસની ઉજવણી કરવામાં આવનાર છે. "રાષ્ટ્રીય પોષણ માહ" ઉજવણી અંતર્ગત સ્થૂળતા બાબતે જાગૃતિ, ખાંડ અને તેલનો મર્યાદિત ઉપયોગ, પોષણ, પ્રારંભિક બાળ સંભાળ, એક પેડ મા કે નામ, સ્થ-ાનિક ખાદ્ય પદાર્થોને પ્રોત્સાહન સહિતના મહ્તપુર્ણ મુદ્દાઓ પર અનેક પ્રવૃતિઓ કરવામાં આવશે. જેના સંદર્ભ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોરના અધ્યસ્થાને પોષણમાહ ઉજવણીના સફળ આયોજન માટે જિલ્લા પંચાયત ખાતે એક બેઠક યોજાઈ. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાના તમામ આઈસીડીએસ લાભાર્થીઓને ટેક હોમ રેશન, મિલેટ અને પોષણયુક્ત વાનગીઓ વિશે માહિતિ માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવા જણાવ્યુ હતુ.

# દેવગઢ બારીઆ ભાજપા યુવા મોરચા દ્વારા નરેન્દ્ર મોદી ના જન્મ દિવસ નિમિતે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કર્યું


તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૭ ।

આપણા દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ આ નિમિતે દેવગઢ બારીઆ શહેર ભાજપ યુવા મોર્ચા દ્વારા દેવગઢ બારીઆ ના નહાર ભવન ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ હતું,જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા ભાજપના અધ્યક્ષ શ્રી સ્નેહલભાઈ ધરીયા દેવગઢ બારીઆ સ્ટેટ-ના રાજમાતા શ્રીમંત ઉર્વશીદેવીજી,શહેર ભાજપ ના અધ્યક્ષ શ્રી અક્ષયભાઈ ભગતાણી, તાલુકા ભાજપ ના અધ્યક્ષ શ્રી હરેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા ત્યાં એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ પણ કરવામા આવેલ તથા ભાજપ યુવા મોરચાની ટીમ અને ઉપપ્રમુખ શ્રી કુણાલ પીપલોદિયા દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવ્યું.

# 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો પોસ્ટ વિભાગ દ્વારા પ્રારંભ, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે પોસ્ટ કર્મચારીઓને અપાવી સ્વચ્છતાની શપથ

**૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન, ૨૦૨૫ ની થીમ 'સ્વચ્છોત્સવ' - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ**

। (પોસ્ટ) અમદાવાદ, તા.૧૭ ।

ભારત સરકારના "સ્વચ્છ ભારત મિશન" હેઠળ, પોસ્ટ વિભાગે ૧૭ સપ્ટેમ્બરના રોજ "સ્વચ્છતા હી સેવા" ૨૦૨૫ અભિયાન શરૂ કર્યું. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે પ્રાદેશિક કાર્યાલય ખાતે "મેઘદૂતમ" હોલમાં પોસ્ટ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને "સ્વચ્છતા પ્રતિજ્ઞા" આપવી. આ પ્રસંગે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા કલ્પના કરાયેલ સ્વચ્છ અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સ્વચ્છતા પ્રત્યે સતર્ક રહેવાની પ્રતિજ્ઞા લેવાઈ. દરેક વર્ષમાં ૧૦૦ કલાક, એટલે કે દર અઠવાડિયે ૨ કલાક શ્રમદાન કરીને સ્વચ્છતાને અમલમાં મૂકવાનો સંકલ્પ કરવામાં આવ્યો. પોસ્ટ કર્મચારીઓએ પણ ગંદકી દૂર કરીને ભારત માતાની સેવા કરવાનો સંકલ્પ લીધો, સૌ પ્રથમ પોતાનાથી, પોતાના પરિવારથી, પડોશથી, ગામથી અને કાર્યસ્થળથી શરૂઆત કરવાનો સંકલ્પ લીધો. આ અવસરે, પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વૃક્ષ વાવીને સ્વચ્છ પર્યાવરણનો સંદેશ પણ આપ્યો. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સ્વચ્છતા આપણી સંસ્કૃતિનો એક ભાગ છે, તેથી આપણા ઘરો અને ઓફિસ પરિસરને સ્વચ્છ રાખવા અને લોકોને તેના વિશે જાગૃત કરવા એ આપણી સામૂહિક જવાબદારી છે. ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ચાલનારા વર્ષ ૨૦૨૫ માટેના આ અભિયાનનો વિષય 'સ્વચ્છતા હી સેવા' છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી યાદવે માહિતી આપી કે 'સ્વચ્છતા હી સેવા' ૨૦૨૫ પખવાડિયા દરમિયાન, દરરોજ પ્રવૃત્તિઓનું આયોજન કરીને મોટા પાયે ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. આમાં, વિવિધ પોસ્ટલ મંડળ માં પ્રભાતફેરી અથવા રેલી, 'એક પેડ મા કે નામ' ના સૂત્ર હેઠળ વૃક્ષારોપણ, સ્વચ્છતા સંદેશ સાથે પત્રો પર વિશેષ વીરૂપણ, સ્વચ્છતા સેમિનાર, પોસ્ટ ઓફિસ, વસાહતોમાં સ્વચ્છતા અભિયાન, નેશનલ સોર્ટિંગ હબ અને પાર્સલ હબ તેમજ મહત્વપૂર્ણ ઐતિહાસિક સ્થળોએ શ્રમદાન વગેરે જેવા વિવિધ કાર્યક્રમો જાગૃતિ માટે યોજાશે. સહાયક નિદેશક શ્રી વારિસ વહોરાએ જણાવ્યું કે ૨૫ સપ્ટેમ્બરના રોજ "એક દિવસ, એક કલાક, એક સાથે" ના સૂત્ર સાથે રાષ્ટ્રીય સ્તરનો સ્વયંસેવક પ્રયાસ યોજવામાં આવશે. પોસ્ટ વિભાગના કર્મચારીઓ બધી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેશે.આ પ્રસંગે સહાયક નિદેશક શ્રી વી.એમ. વહોરા, શ્રી એમ. એમ. શેખ, સહાયક અધિક્ષક શ્રી રોનક શાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, સહાયક હિસાબી અધિકારી શ્રી ચેતન સૈન, શ્રી રામસ્વરૂપ મંગવા, પોસ્ટલ ઈન્સ્પેક્ટર શ્રીમતી પાયલ પટેલ સહિત તમામ વિભાગીય અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને નડિયાદના યોગી ફાર્મ અને વસો સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખાતે મલ્ટી સ્પેશિયાલિસ્ટ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૧૭ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે મધ્યપ્રદેશના ધાર ખાતેથી રાષ્ટ્રવ્યાપી અભિયાન "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર"નો શુભારંભ કરાવ્યો હતો. જેના ઉપલક્ષમાં વડ-ાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે આજથી સમગ્ર દેશમાં શરૂ થયેલ સ્વસ્થ નારી, સશકત પરિવાર અભિયાન હેઠળ સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોગી ફાર્મ, નડિયાદ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, વસો ખાતે મલ્ટી સ્પેશિયાલિસ્ટ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. ખેડા જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ચાલનારા "સ્વસ્થ નારી – સશક્ત પરિવાર અભિયાન" નો પ્રારંભ કરાવતા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ જણાવ્યું હતું કે, આત્મનિર્ભર મહિલા વિકસિત ભારતનો આધાર બની શકે તે માટે વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી જ મહિલા સશક્તિકરણ અને આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ કાર્ય શરૂ કરી દીધું હતું. પરિવારની ધુરી એવી મહિલાનું સ્વાસ્થ્ય મહત્વપૂર્ણ છે. તેની સ્વતંત્રતા અને સ્વાવલંબન તેમજ સાક્ષરતા સરકારમાં અગ્ર ક્રમે છે. જનભાગીદારીથી આપણે સશક્ત નારીના અભિયાનને સાકાર કરીએ. ભારતમાં સરેરાશ આયુષ્ય પુરુષોમાં ૭૦ વર્ષ છે જ્યારે મહિલાઓમાં ૭૪ વર્ષ છે. વર્ષ ૨૦૩૦ સુધી વિકસિત દેશોનું આયુષ્ય ૧૦૦ વર્ષ થશે જ્યારે ભારતનું ૮૦ વર્ષ થશે ત્યારે મહિલાઓ સ્વસ્થ જીવન જીવશે અને તે સમાજ ઉપયોગી બનશે. વડાપ્રધાનશ્રીએ સ્વસ્થ નારીના આ મહાઅભિયાનનો સેવાયજ્ઞ પ્રારંભ કર-ાવ્યો છે જેનાથી મહિલાઓના આરોગ્યમાં ગુણાત્મક સુધારો થશે અને પરિવાર તેમજ સમાજના વિકાસમાં મહત્વ પૂર્ણ યોગદાન મળશે." આ અભિયાન અંતર્ગત મહિલાઓ અને બાળકોના આરોગ્ય નિદાન તથા આરોગ્ય વિષયક સુવિધાઓ સુલભ બને તે હેતુથી વિવિધ આરોગ્ય સેવાઓ એક જ મંચ પર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.આ અભિયાન અંતર્ગત મહિલાઓ અને કિશોરીઓની તબિયત – હેમોગ્લોબીન લેવલ ચકાસણી, થાયરોઈડ તથા અન્ય તપાસ ,ગર્ભવતી મહિલાઓની નિશ્ચિત તપાસ (ANC તપાસ) , બાળકોના સ્વાસ્થ્યનું નિરીક્ષણ તથા રસીકરણ , ટી.બી. ની તપાસ અને માર્ગદર્શન , હાઈપરટેન્શન અને ડાયાબિટીસ સહિતની નોન-કમ્યુનિકેબલ ડિઝીઝની તપાસ, માનસિક આરોગ્ય માટે કાઉન્સેલિંગ , લોહીની ઉણપ (એનિમિયા) ની નિદાન સેવા તથા દવા વિતરણ , વિઝન સ્ક્રીનિંગ અને વિઝન સેન્ટરની સુવિધા , મમતા કાર્ડ અને માતૃ-શિશુ સુરક્ષા કાર્ડ (MCP કાર્ડ)નું વિતરણ , આયુષ્માન વય વંદના કાર્ડ અપાશે જેનો સૌએ લાભ લેવો જોઈએ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામ માં વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે, જો તમે આ કરો છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**સિંહ (મ,ટ) :**

આજે તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**તુલા (ર,ત) :**

આજે તમારો બગડેલો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કોઈ ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. અદ્યતન ટેક્નોલૉજી તથા હુન્નર શીખવામાં તમારી મદદ કરે તેવા ટૂંકા-ગાળાના પ્રોગ્રામમાં સહભાગી થાવ.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**મકર (ખ,જ) :**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. ધનનું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**


આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. સંતોષકારક પરિણામો મેળવવા માટે ચીજોનું આયોજન સારી રીતે કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. આજે કુટુંબની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં.

# યુવરાજ સિંહ અને રોબિન ઉથપ્પાને સમન્સ, સોનુ સૂદને પણ પૂછપરછ માટે બોલાવાયો

**૨૨ સપ્ટેમ્બરેના રોજ ઉથપ્પાને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે જ્યારે યુવરાજને ૨૩ સપ્ટેમ્બરે તપાસ એજન્સી સમક્ષ હાજર થવા જણાવ્યું છે**


**। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૭ ।**

(એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) એ ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી એપ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ભૂતપૂર્વ ક્રિકેટર રોબિન ઉથપ્પા, યુવરાજસિંહ અને અભિનેતા સોનુ સૂદને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. પીટીઆઈ ન્યૂઝ એજન્સીના સૂત્રો પાસેથી મંગળવારે આ માહિતી મળી હતી.

૩૯ વર્ષીય ઉથપ્પાને 1xBª નામના પ્લેટફોર્મ સાથે સંકળાયેલા આ કેસમાં મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ નિવેદન નોંધાવવા માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે. ૨૨ સપ્ટેમ્બરેના રોજ ઉથપ્પાને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે. જયારે યુવરાજને ૨૩ સપ્ટેમ્બરે તપાસ એજન્સી સમક્ષ હાજર થવા જણાવ્યું છે. આ પહેલાં આ જ કેસમાં ૧૩ ઓગસ્ટે સુરેશ રૈના અને ૪ સપ્ટેમ્બરે શિખર ધવનની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. સોમવારે આ કેસમાં ભૂતપૂર્વ ટીએમસી સાંસદ અને અભિનેત્રી મિમી ચક્રવર્તીનું પણ નિવેદન નોંધવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંગાળી અભિનેતા અંકુશ હાજરા મંગળવારે ઈડી સમક્ષ હાજર થયા હતા, જ્યારે 1xBª ના ભારતીય બ્રાન્ડ એમ્બેસેડર અને અભિનેત્રી ઉર્વશી રૌતેલા મંગળવારે તેમની નિર્ધારિત તારીખે હજુ સુધી હાજર થઈ નથી. આ તપાસ ગેરકાયદે સટ્ટાબાજી એપ્સ સાથે સંબંધિત છે, જેમના પર અનેક લોકો અને રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવાનો અથવા મોટા પાયે કરચોરી કરવાનો આરોપ છે. કંપનીના મતે, 1xBª એક વૈશ્વિક સ્તરે માન્ય સટ્ટાબાજ પ્લેટફોર્મ છે, જે સટ્ટાબાજી ઉદ્યોગમાં ૧૮ વર્ષથી કાર્યરત છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ બ્રાન્ડના ગ્રાહકો હજારો રમતગમતની ઈવેન્ટ્સ પર દાવ લગાવી શકે છે અને કંપનીની વેબસાઈટ અને એપ્લિકેશન ૭૦ ભાષાઓમાં ઉપલબ્ધ છે. જોકે, હવે ભારતમાં ઓનલાઈન રિયલ મની આધારિત ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ન્યુઝ બોક્ષ

### ન્યૂયોર્ક ટાઇમ્સ સામે ટ્રમ્પનો ૧૫ અબજ ડોલરનો કેસ, સૌથી ખતરનાક અખબાર કહ્યુ

**। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૭ ।**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્ક ટાઇમ્સ અખબાર અને તેના ચાર પત્રકારો વિરુદ્ધ માનહાનિનો દાવો કર્યો છે. અખબારે ધનિક ફાયનાન્સર જેફરી એપસ્ટીન સાથે ટ્રમ્પના સંબંધો મુદ્દે રિપોર્ટ પ્રકાશિત કરતાં માનહાનિનો દાવો કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ટ્રમ્પે પોતે આ અંગે જાણકારી આપી હતી.

ટ્રમ્પે ગઈકાલે સોમવારે કોર્ટ સમક્ષ પુરાવા રજૂ કરતાં ન્યૂયોર્ક ટાઇમ્સ અને તેના ચાર પત્રકારો વિરુદ્ધ ૧૫ અબજ ડૉલરનો માનહાનિનો દાવો કરતાં કેસ દાખલ કર્યો છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, આ અખબાર સૌથી ખતરનાક છે. અખબારે બેદરકારીપૂર્વક ખોટી રીતે નિવેદનો પ્રકાશિત કર્યા છે. તેમણે સત્ય જાણ્યા વિના જ નિવેદનોને ખોટી રીતે રજૂ કર્યા છે. ઉલ્લેખનીય છે, ન્યૂયોર્ક ટાઇમ્સે આ મામલે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરી ન્યૂયોર્ક ટાઇમ્સ પર જૂઠું બોલવા અને તેમને બદનામ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે ન્યૂયોર્ક ટાઇમ્સ પર રેડિકલ લેફ્ટ ડેમોક્રેટ પાર્ટીનું એક આભાસી મુખપત્ર બન્યું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ટ્રમ્પે અન્ય મીડિયા સંસ્થાઓ પર પણ પ્રહાર કર્યા હતાં. જેમાં જુલાઈમાં ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને મીડિયા કારોબારી રુપર્ટ મર્ડોક વિરુદ્ધ ૧૦ અબજ ડૉલરનો માનહાનિનો દાવો નોંધ્યો હતો.

### નુપૂર બોરા વિરુદ્ધ જમીન વેચાણ સંબંધિત ફરિયાદો મળી

**। (એજન્સી) અસમ, તા.૧૭ ।**

આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં અસમ સિવિલ સર્વિસના અધિકારી નુપૂર બોરાની ધરપકડ કરવામાં આવી છે. અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું કે, નુપૂર બોરા પર છેલ્લા છ મહિનાથી નજર રાખવામાં આવી રહી હતી. મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, તેમણે હિન્દુઓની જમીન કેટલાક શંકાસ્પદ લોકોને વેચી હતી, જેના બદલામાં તેમને મોટી રકમ મળી હતી. મંગળવારે આ મામલે ગુવાહાટીમાં પત્રકારો સાથે વાત કરતાં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું કે, 'નુપૂર બોરા વિરુદ્ધ જમીન વેચાણ સંબંધિત ફરિયાદો મળી હતી. આ ફરિયાદોના આધારે છેલ્લા છ મહિનાથી તેમના પર નજર રાખવામાં આવી રહી હતી.' અસમ સિવિલ સર્વિસના ૨૦૧૯ બેચના અધિકારી નુપૂર બોરા હાલમાં અનેક ગંભીર આરોપોને કારણે ચર્ચામાં છે. મૂળ અસમના ગોલાઘાટ જિલ્લાના રહેવાસી નુપૂર બોરા કામરૂપ જિલ્લાના ગોરોઈમારી વિસ્તારમાં સર્કલ ઑફિસર તરીકે ફરજ બજાવતા હતા. નુપૂરની ફેસબુક પ્રોફાઈલ મુજબ તેણે ગુવાહાટી યુનિવર્સિટીમાંથી ઈંગ્લિશ લિટરેચરમાં ડિગ્રી મેળવી છે અને કોટન કૉલેજમાં પણ અભ્યાસ કર્યો છે.

### હિમાચલમાં મેઘરાજાનું તાંડવઃ બસ સ્ટેન્ડ ડૂબ્યું, બસો તણાઈ

**। (એજન્સી) શિમલા, તા.૧૭ ।**

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે ફરી એકવાર કહેર વર્તાવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ મંડીના ધરમપુરમાં વાદળ ફાટવાને કારણે બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું અને શિમલામાં ભૂસ્ખલનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ વરસાદ હવે માત્ર હવામાનનો ફેરફાર નહીં, પરંતુ લોકો માટે એક મોટી મુસીબત બની ગયો છે, જેના કારણે ચારેબાજુ પાણી, કાટમાળ અને વિનાશ જોવા મળી રહ્યો છે. ગઈ રાત્રે ધરમપુરમાં ભારે વરસાદથી આખું બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું, જેમાં બસો અને અન્ય વાહનો તણાઈ ગયા. સોન ખડનું જળસ્તર વધતા લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું. આ ઘટનામાં એક વ્યક્તિ ગુમ છે. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે લોકોએ રાત્રે ઘરની છત પર ચઢીને પોતાનો જીવ બચાવ્યો અને પોલીસે તત્કાળ બચાવ કામગીરી શરૂ કરી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડું આવ્યું, જેના કારણે ૩ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૯૩ રસ્તાઓ બંધ રહ્યા. છેલ્લા ૨૪ કલાકમાં જોગીન્દરનગરમાં ૫૬ મિમી, પાલમપુરમાં ૪૮ મિમી, પંડોહમાં ૪૦ મિમી અને કાંગડામાં ૩૪.૨ મિમી સહિત અનેક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો.

### બિહારથી એક મોટા સમાચાર આવ્યા

# નીતિશ કુમારની સરકારે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના શિક્ષણ લોનને વ્યાજમુક્ત કરવાની જાહેરાત કરી

**રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમના સત્તાવાર હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંદર્ભમાં એક પોસ્ટ પણ શેર કરી છે**

**। (એજન્સી) બિહાર, તા.૧૭ ।**

બિહારથી એક મોટા સમાચાર આવ્યા છે. બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારની સરકારે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ આપવામાં આવતી શિક્ષણ લોનને વ્યાજમુક્ત કરવાની જાહેરાત કરી છે. રાજ્યના મુખ્યમંત્રી નીતિશ કુમારે તેમના સત્તાવાર હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ સંદર્ભમાં એક પોસ્ટ પણ શેર કરી છે.ઠ પર કરેલી પોસ્ટમાં, મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું, બિહારમાં ૦૭ નિશ્ચય યોજના હેઠળ વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના ૦૨ ઓક્ટોબર ૨૦૧૬ થી ૧૨મું ધોરણ પાસ કરનારા અને ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે અમલમાં છે.બિહાર વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ, ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે મહત્તમ



૦૪ લાખ રૂપિયાની શિક્ષણ લોન સામાન્ય અરજદારને ૦૪ ટકા વ્યાજ દરે અને મહિલાઓ, વિકલાંગ અને ટ્રાન્સજેન્ડર અરજદારોને માત્ર ૦૧ ટકા વ્યાજ દરે આપવામાં આવે છે. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે હવે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ આપવામાં આવતી શિક્ષણ લોનની રકમ બધા અરજદારો માટે વ્યાજમુક્ત રહેશે.તેમણે આગળ લખ્યું,ઉપરાંત ૬૦ માસિક હપ્તાઓ (૫ વર્ષ) માં ૨ લાખ રૂપિયા સુધીની શિક્ષણ લોન ચૂકવવાની જોગવાઈ હતી, જે હવે વધારીને મહત્તમ ૮૪ માસિક હપ્તાઓ (૭ વર્ષ) કરવામાં આવી છે અને ૨ લાખ રૂપિયાથી વધુની લોનની રકમ ૮૪ માસિક હપ્તાઓ (૭ વર્ષ) થી વધારીને મહત્તમ ૧૨૦ માસિક હપ્તાઓ (૧૦ વર્ષ) કરવામાં આવી છે.અમારો ઉદ્દેશ્ય એ છે કે રાજ્યના વધુને વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે. ઉચ્ચ શિક્ષણ માટે આપવામાં આવતી શિક્ષણ લોનમાં આપવામાં આવતી આ સુવિધાઓ વિદ્યાર્થીઓનું મનોબળ વધારશે અને તેઓ વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે અને તેમના ભવિષ્ય તેમજ રાજ્ય અને દેશના ભવિષ્યને ઘડી શકશે.

**સહસ્ત્રધારના કાર્લીગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી લોકો ગભરાઈ ગયા**

# ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર પડ્યો, પર્યટન સ્થળ સહસ્ત્રધારામાં તારાજી

**। (એજન્સી) દેહરાદૂન, તા.૧૭ ।**

ઉત્તરાખંડના દહેરાદૂનમાં સહસ્ત્રધારા કાર્લીગાડ વિસ્તારમાં સોમવારે (૧૫ સપ્ટેમ્બર) વહેલી સવારે ૫ વાગ્યે વાદળ ફાટવાથી અનેક દુકાનો વહી ગઈ હતી. જોકે, આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે અને. બે લોકો ગુમ હોવાના અહેવાલ મળ્યા છે. અહીં સતત રેસ્ક્યુ અને બચાવ કામગીરી શરૂ છે. તંત્ર મોડી રાતથી અહીં લોકોની મદદ માટે પહોંચી ગયું છે. SDRF, NDRF અને સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કાર્યમાં રોકાયેલા છે. વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રીએ ફોન પર મુખ્યમંત્રી સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને શક્ય તમામ મદદ પહોંચાડવાની ખાતરી આપી છે.

ઉત્તરાખંડને ફરી એકવાર કુદરતનો માર સહન કરવો પડી રહ્યો છે. સહસ્ત્રધારના કાર્લીગઢ વિસ્તારમાં ભારે વરસાદને કારણે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ વાદળ ફાટવાથી લોકો ગભરાઈ ગયા હતા. વાદળ ફાટવાથી ૨-૩ મોટી હોટલોને નુકસાન થયું છે, જ્યારે બજારમાં બનેલી ૭-૮ દુકાનો ધરાશાયી થઈ ગઈ છે.



લગભગ ૧૦૦ જેટલા લોકો ઘટનાસ્થળે ફસાયા હતા જેમને ગ્રામજનોએ જાતે જ રેસ્ક્યુ કરીને બચાવી લીધા હતા. વાદળ ફાટવાની માહિતી મળતાની સાથે જ જિલ્લા વહીવટી તંત્રએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. વાદળ ફાટવાની જગ્યાની નજીક રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવી રહ્યા છે. SDRF, NDRF, જાહેર બાંધકામ વિભાગે રાત્રે જ કામ શરૂ કરી દીધું હતું. આ ઘટનામાં બે લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે.



૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ લેવાયેલી આ તસવીરમાં, ઉઝબેકિસ્તાનના સમરકંદમાં FIDE મહિલા ગ્રાન્ડ સ્વિસ ૨૦૨૫ જીત્યા બાદ ભારતની જીએમ વૈશાલી રમેશબાબુ પોતાની ટ્રોફી સાથે પોઝ આપી રહી છે. ચીનની ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન ઝોંગી તાન સામે સખત ડ્રો બાદ વૈશાલીએ મહિલા ઉમેદવારો ટુર્નામેન્ટમાં સ્થાન મેળવ્યું.

# લાલ કિલ્લો કાળો પડી રહ્યો છે, કારણ દિલ્હીની ઝેરી હવા

**।(એજન્સી) નવીદિલ્હી, તા.૧૭।**

યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મેળવનારો દિલ્હીનો લાલ કિલ્લો હાલ કાળો પડી રહ્યો છે. તેની લાલ દિવાલો હવે કાળી થઈ રહી છે. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પ્રકાશિત થયેલા એક નવા અભ્યાસમાં ખુલાસો થયો છે કે દિલ્હીની ઝેરી હવા લાલ કિલ્લાને કાળી બનાવી રહી છે. 'કેરેક્ટરાઈઝેશન ઓફ રેડ સેન્ડસ્ટોન એન્ડ બ્લેક ક્રસ્ટ ટુ એનાલાઈઝ એર પોલ્યુશન ઈમ્પેક્ટ્સ ઓન અ કલ્ચરલ હેરિટેજ બિલ્ડિંગઃ રેડ ફોર્ટ, દિલ્હી, ઈન્ડિયા' શીર્ષક હેઠળ રજૂ કરવામાં આવેલા અહેવાલમાં જાણવા મળ્યું છે કે, વાયુ પ્રદૂષણના કારણે આ સ્મારકને નુકસાન થઈ રહ્યું છે. લાલ કિલ્લો ૧૬૩૯માં શાહજહાં દ્વારા બનાવવામાં આવ્યો હતો, જેનું બાંધકામ ૧૬૪૮માં પૂર્ણ થયું હતું. તેનું નામ લાલ વિંધ્ય રેતીના પથ્થર પરથી આવ્યું છે, જે તેની વિશાળ દિવાલો (૨૦-૨૩ મીટર ઊંચી અને ૧૪ મીટર જાડી) અને મહેલોનો આધાર છે. ૧ ચોરસ વર્ગ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા લાલ કિલ્લો તે ૨.૪ કિલોમીટર દિવાલોથી ઘેરાયેલું છે. ૨૦૦૭માં યુનેસ્કોએ તેને વર્લ્ડ હેરિટેજ પ્લેસ તરીકે જાહેર કર્યું હતું.

### પહેલા દર્દીને લકવાગ્રસ્ત કરે છે

# દેશમાં નવી મહામારીનું એલર્ટ, એક કીડાને કારણે કેરળમાં ૧૭ ના મોત થયા

**આ મૃત્યુ 'દુર્લભ મગજ ખાનાર અમીબા'ને કારણે થયું છે. આ રોગને પ્રાથમિક એમોબિક મેનિન્ગોએન્સેફાલીટીસ (PAM) પણ કહેવામાં આવે છે**

**। (એજન્સી) કેરળ, તા.૧૭ ।**

જો તમે નહેર, નદી કે તળાવમાં તરવા જાઓ છો, તો સાવધાન રહો. એક ઝેરી પાણીનો કીડો લોકોને મારી રહ્યો છે. આ કીડો નરી આંખે દેખાતો નથી પણ શરીરમાં પ્રવેશ્યા પછી, તે મગજને કરડવાનું શરૂ કરે છે અને પહેલા દર્દીને લકવાગ્રસ્ત કરે છે અને પછી તેને ધીમી મૃત્યુ તરફ ધકેલી દે છે. કેરળમાં અત્યાર સુધીમાં આવા ૬૬ કેસ નોંધાયા છે, જેમાંથી ૧૭ મૃત્યુ પામ્યા છે. ડોકટરોના મતે, આ મૃત્યુ 'દુર્લભ મગજ ખાનાર અમીબા'ને કારણે થયું છે. આ રોગને પ્રાથમિક એમોબિક મેનિન્ગોએન્સેફાલીટીસ (PAM) પણ કહેવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી, કેરળમાં ઘણા લોકો જીવંત સૂક્ષ્મજીવાણુના કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ સૂક્ષ્મજીવાણુનું નામ નેગ્લેરિયા ફાઉલેરી છે, જેને બોલચાલમાં 'મગજ ખાનાર અમીબા' કહેવામાં આવે છે. આ વર્ષે અત્યાર સુધીમાં કેરળમાં એમોબિક મેનિન્ગોએન્સેફાલીટીસના ૬૭ કેસ નોંધાયા છે, જેમાંથી ૧૮ લોકોના મોત થયા છે. વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને, આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે પાણીની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા અને તેનો સામનો કરવા સૂચનાઓ આપી છે. મળતી માહિતી મુજબ, વધતા તાપમાનને કારણે આ એમોબિક મેનિન્જાઈટિસના કેસ વધી રહ્યા છે. નેગ્લેરિયા ફાઉલેરી અમીબાથી થતા આ ચેપની ઝડપી ગતિ અને અત્યંત ઘાતકતાને જોતાં, નિષ્ણાતો પાણીની સુરક્ષા અને આબોહવા સંબંધિત આરોગ્ય જોખમો વિશે માહિતી આપી રહ્યા છે અને સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યા છે. હવે આવી સ્થિતિમાં, દરેકના મનમાં પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે કે આ 'મગજ ખાનાર અમીબા' કેવી રીતે ખીલી રહ્યો છે અને તેને કેવી રીતે ટાળી શકાય, આ વિશે પણ જાણો. તબીબોએ જણાવ્યું કે, તાજેતરમાં મગજ અમીબા સંબંધિત જે કેસ સામે આવ્યા છે, તે ખૂબ જ ગંભીર તબીબી સ્થિતિ છે અને તેનો મૃત્યુદર ખૂબ જ ઊંચો છે. એટલે કે, મોટાભાગના દર્દીઓ આ ચેપથી બચી શકતા નથી. આ ચેપ નેગ્લેરિયા ફાઉલેરી નામના સૂક્ષ્મજીવાણુથી થાય છે, જેને સામાન્ય રીતે 'મગજ ખાનાર અમીબા' તરીકે ઓળખવામાં આવે છે. આ જીવાણુ તળાવો, તળાવો અથવા ગંદા પાણીમાં અને અપૂરતી જાળવણી કરાયેલા સ્વિમિંગ પુલમાં પણ ઉગે છે. ગરમ પરિસ્થિતિઓ આ જીવાણુને એક આદર્શ સંવર્ધન સ્થળ બનાવે છે, જેના કારણે પાણીની પ્રવૃત્તિઓ દરમિયાન માનવીઓ તેના સંપર્કમાં આવવાની શક્યતા વધી જાય છે. ડૉ. નીતિને કહ્યું, 'પાણીમાં હોય ત્યારે લોકોને ચેપ લાગે છે. જો આ બેક્ટેરિયા તે પાણીના સ્ત્રોતમાં હોય, તો તે નાક દ્વારા મગજ સુધી પહોંચે છે અને મગજને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે. આનાથી મગજમાં ગંભીર ચેપ લાગી શકે છે.

### ગુલાબ નબી આઝાદની પાર્ટીના નેતા પર જીવલેણ હુમલો થયો

**। (એજન્સી) જમ્મુ, તા.૧૭ ।**

જમ્મુ-કાશ્મીરના ચડૂરા વિસ્તારમાં રાજકીય પક્ષના નેતાના ઘરમાં ગોળીબાર થતાં હડકંપ મચ્યો છે. બે બુકાનીધારી બદમાશોએ સોમવારે મોડી રાત્રે ગુલામ નબી આઝાદ પાર્ટીના એક સ્થાનિક નેતા મોહમ્મદ યુસુફ મીરના ઘર પર ફાયરિંગ કર્યું હતું.


પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ

**સામગ્રીના પુરવઠા માટે પંદરમી ટેન્ડર જાહેરાત**

ટેન્ડર સૂચના ક્રમાંકઃ ADI/S/P/ટેન્ડર પ્રકાશન/૨૦૨૫/૦૫

તારીખઃ ૧૬.૦૯.૨૦૨૫

ભારતના રાષ્ટ્રપતિ વતી સિનિયર ડીએમએમ અમદાવાદ સામગ્રીના પુરવઠા માટે નીચેના ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છેઃ

| ક્રમ નં. | સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન | જથ્થો. | ટેન્ડરની અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧. | USFD મશીનો માટે DRT B સ્કેન 9 ચેનલના સ્પેરપાર્ટ્સ | ટેન્ડર મુજબ | ૧૬-૧૦-૨૦૨૫ |

ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના માટે, કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ADI-163

લાઈક કરો. અમને facebook.com/WesternRly• ફોલો કરો twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**વિવિધ એન્જિનિયરીંગ કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ૩૫ વર્ષ ૨૦૨૫-૨૬ | તારીખ : ૧૬-૦૯-૨૦૨૫

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૩૫R૧ | રાજકોટ ડિવિઝન :- (i) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) જામનગર સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ લિક પ્રૂફ ટ્રિટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS ની સુધારણા કરવાનું કામ. (ii) આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) જામનગર સેક્શનના અધિકારક્ષેત્ર હેઠળ લિક પ્રૂફ ટ્રિટમેન્ટ અને ડ્રેનેજ સિસ્ટમ દ્વારા RUB/LHS ની સુધારણા કરવાનું કામ. | ૪,૬૦,૩૨,૩૯૦.૬૪ | ૩,૮૦,૨૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૪૧R | રાજકોટ ડિવિઝન :- વાંકાનેર, ખંભાળીયા, દ્વારકા અને રાજકોટ કોચિંગ ડેપો ખાતે ઈલેક્ટ્રિકલ સ્ટોર અને ઓફિસ બિલ્ડીંગની જોગવાઈ કરવાનું કામ. | ૧,૯૦,૫૮,૪૮૭.૫૯ | ૨,૪૫,૩૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૭૮ | પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પર 52Kg ફ્લેશ બટ્ટ વેલ્ડ્સનું ફેઝ્ડ એરી USFD ટેસ્ટીંગ (PAUT) કરવાનું કામ. | ૪,૧૧,૧૮,૫૪૦.૦૦ | ૩,૫૫,૬૦૦.૦૦ |
| ૦૪ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૭૯ | રાજકોટ ડિવિઝન :- સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ વાંકાનેર-દહીંસરા સેક્શનમાં ટ્રેક સુરક્ષા દિવાલની જોગવાઈ કરવાનું કામ. | ૭,૨૭,૧૨,૧૩૧.૮૯ | ૫,૧૩,૬૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** ૧૦-૧૦-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-121

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

**અનેક ખેડૂતોએ ઠાલવ્યો આક્રોશ**

## મોટી સંખ્યામાં ખેડૂતોએ ભેગા થઈને રોષ ઠાલવ્યો, મગફળીનો પાક ઉભો હોવા થતાં રજિસ્ટ્રેશન રદના મેસેજ

# સેટેલાઇટ ઇમેજમાં પાક ન દેખાતા ટેકાના ભાવે મગફળીનું રજિસ્ટ્રેશન રદ!

। (એજન્સી) રાજકોટ, તા.૧૭ ।

રાજકોટના જસદણ પંથકમાં મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે ઈ-સમૃદ્ધ પ ોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવનારા મોટી સંખ્યામાં ખેડૂતોના રજિસ્ટ્રેશન રદ થતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, તેમના ખેતરમાં મગફળીનો પાક ઉભો હોવા છતાં સેટેલાઈટ ઈમેજમાં પાક ન દેખાતા તેમના રજિસ્ટ્રેશન રદ થયા છે. મગફળીના ટેકાના ભાવે વેચાણ માટે સરકારે જાહેર કરેલા નિયમોમાં હવે ૮૦ હજાર ખેડૂતોએ જાતે પરીક્ષા આપવી પડશે અને સાબિત કરવું પડશે કે ખેતરમાં મગફળી હતી, આ માટે ૮૦ હજાર ખેડૂતોનું એક જિલ્લા પ્રમાણે એક લિસ્ટ બન્યું છે. જે ખેતીવાડી અધિકારીઓને પ હોંચાડી દેવાયું છે આ સિવાય ખેડૂતોને પણ મેસેજ કરાયા છે. ઘણા ખેડૂતોની બુમરાણ છે કે તેમને પ્રોસેસ સંપૂર્ણ કરી હોવા છતાં રજિસ્ટ્રેશન ફેલના મેસેજ આવ્યા છે. ગુજરાતમાં ખરીફ સિઝનમાં બીજા નંબરના ખરીફ પાક મગફળીના ભાવ બજારમાં ટેકાથી પણ નીચા છે. ખેડૂતો મગફળીનું



વેચાણ ટેકાના ભાવે કરવા માટે પડાપડી કરી રહ્યાં છે. સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે આ વર્ષે નિયમો કડક બનાવ્યા છે. જેને પગલે પ્રથમ રાઉન્ડમાં ૮૦ હજાર ખેડૂતોના રજિસ્ટ્રેશન ફેલ ગયા છે. ગુજરાતમાં ૪૦થી ૫૦ લાખ ટન મગફળીનું ઉત્પાદન થવાના અંદાજો મૂકાયા છે. ચાલુ ખરીફ સીઝનમાં મગફળી માટે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર થયેલ નોંધણીમાં ખેડૂતોએ મગફળી પાક દર્શાવેલ સર્વે નંબરમાં ડિજિટલ ક્રોપ સર્વે અને સેટેલાઈટ ઈમેજ આધારિત વાવેતર સાથે વેરીફીકેશન કરવામાં આવી રહ્યું છે. જેમાં તા.૦૮.૦૯.૨૦૨૫ સુધીની નોંધણીના ડેટા તા.૧૬.૦૯.૨૦૨૫ સુધીમાં થયેલ ડિજિટલ કોપ સર્વે અને સેટેલાઈટ ઈમેજ સાથે સરખામણી કરતાં રાજ્યના કુલ ૮૦,૨૦૫ ખેડુતોના સર્વે નંબરમાં મગફળી પાક જોવા મળ્યો નથી. જેની જિલ્લાવાર સંખ્યા અને ખેડૂતોની યાદી (Excel) આ સાથે બનાવી સરકારે ખેતીવાડી અધિકારીઓને મોકલી આપી છે અને સૂચના આપી છે કે જે માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય છે.

(૧) ઉકત કુલ ૮૦,૨૦૫ ખેડૂતોના નોંધણી હેઠળના સર્વે નંબરમાં ગામના સર્વેયર મારફત 100 % DCS ની કામગીરી અગ્રિતમા ધોરણે દિન-૭ માં પૂર્ણ થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) નોંધણીમાં દર્શાવલ સર્વે નંબર માટે ખેડૂત જાતે સેલ્ફ સર્વે માટે Play Store પરથી Digital Crop Survey-Gujara એપ ડાઉનલોડ કરી ડિજિટલ ક્રોપ સર્વે કરી શકશે. જે માટે ખેડુતોમાં પ્રચાર પ્રસાર કરવો. જેની ખેડુતોને તાલીમ માટે રાજ્ય લેવલે તા.૧૭.૦૯.૨૦૨૫ ના રોજ બપ ોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમિયાન બાયસેગ વંદે ગુજરાત ચેનલ-૪ મારફતે સેટકોમ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેની આપના જિલ્લાના સર્વેયરો તેમજ ખેડૂતોમાં પ્રચાર-પ્રસાર માટે ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.સરકારે ખરીફ ૨૦૨૫-૨૬ સીઝન દરમિયાન પ્રાઈઝ સપોર્ટ સ્કીમ (PSS) અંતર્ગત મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટેની ઓનલાઈન નોંધણીની મુદત વધારી છે.કેન્દ્ર સરકારની નોડલ એજન્સી નાફેડ દ્વારા સંચાલિત ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર ખેડૂતો હવે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી નોંધણી કરાવી શકશે. ખેડૂતો માટે નોંધણીની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે. ખેડૂતો ત્રણ રીતે નોંધણી કરાવી શકે છે. તેઓ જાતે ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી કરી શકે છે. ગામમાં આવેલા ઈ-ગ્રામ કેન્દ્રો પર વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર્સ (VCE) મારફતે નોંધણી કરાવી શકે છે. વધુમાં, ગ્રામ્ય કક્ષાની સહકારી મંડળીઓ દ્વારા પણ નોંધણીની સુવિધા ઉપલબ્ધ છે. ભારત સરકારે ખરીફ સીઝનમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે મગફળી માટે રૂ.૭૨૬૩, મગ માટે રૂ.૮૭૬૮, અડદ માટે રૂ.૭૮૦૦ તથા સોયાબિન માટે રૂ.૫૩૨૮ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવો જાહેર કરવામાં આવેલ છે.

## સગીરાઓના ફોટા વાયરલ કરી અભદ્ર લખાણ લખનાર આરોપીને ત્રણ વર્ષની કેદ

। ગાંધીનગર, તા.૧૭ ।

ગાંધીનગર જિલ્લાના માણસામાં અઢી વર્ષ અગાઉ બે સગીરા અને એક યુવતીના ફોટા વોટ્સએપ ગ્પમાં મૂકીને તેમાં અભદ્ર લખાણ લખનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટ દ્વારા આરોપીને ત્રણ વર્ષની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ ભરવા હુકમ કરવામાં આવ્યો હતો.આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આવેલા માણસા તાલુકાના બોરપુરા ગામમાં રહેતા આરોપી રાહુલસિંહ શિવુસિંહ રાઠોડ દ્વારા એક વોટ્સએપ ગ્પ બનાવવામાં આવ્યું હતું અને આ ગ્પમાં લખાણ લખી ગામની બે સગીરા તેમજ એક યુવતીના ફોટા મુક્યા હતા અને તેના નીચે અભદ્ર લખાણ લખવામાં આવ્યું હતું. જે સંદર્ભે સગીરાના પરિવારજનોને જાણ થતાં હેબતાઈ ગયા હતા. જેથી આ અંગે આરોપી યુવાન સામે માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા તપાસ કરીને કેસનું ચાર્જશીટ ગાંધીનગરની પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. બીજા એડિશનલ સેશન્સ જજ જે. એન. ઠક્કરની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ સુનિલ એસ. પંડયા દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચાર્યો છે. ત્રણ દીકરીઓના ફોટા અને બિભત્સ લખાણ લખી ગ્પમાં મૂકીને તેમને બદનામ કરવામાં આવી છે. જેથી આવા કેસમાં આરોપીને છોડી શકાય નહીં. કોર્ટ દ્વારા તેને સખતમાં સખત સજા કરવી જોઈએ. સમાજમાં આ પ્રકારની ઘટનાઓ વધી રહી છે ત્રણ દીકરીઓના ફોટા



અને બિભત્સ લખાણ લખી ગ્પમાં મૂકીને તેમને બદનામ કરવામાં આવી છે. જેથી આવા કેસમાં આરોપીને છોડી શકાય નહીં. કોર્ટ દ્વારા તેને સખતમાં સખત સજા કરવી જોઈએ. સમાજમાં આ પ્રકારની ઘટનાઓ વધી રહી છે જેને અટકાવવા માટે કાયદામાં દર્શાવેલી પૂરેપૂરી સજા આરોપીને કરવામાં આવે જોકે કોર્ટ દ્વારા આ દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી રાહુલસિંહ શિવુસિંહ રાઠોડને ત્રણ વર્ષની સાદી કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભોગ બનનાર બંને સગીરાઓને એક લાખ રૂપિયા તેમજ યુવતીને ૫૦ હજાર વળતર પેટે ચૂકવી આપવા માટે હુકમ કરવામાં આવ્યો હતો.

## જૂનાગઢમાં એક મોટા શિષ્યવૃત્તિ કૌભાંડનો પર્દાફાશ થયો, વિદ્યાર્થીઓના નામે કરોડોની ઠગાઈ

### આ કૌભાંડમાં અંદાજિત ૫ કરોડ રૂપિયાથી પણ વધુની રકમની ગેરરીતિ થઈ હોવાનું અનુમાન છે

। જૂનાગઢ, તા.૧૭ ।

જૂનાગઢમાં એક મોટા શિષ્યવૃત્તિ કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં વિદ્યાર્થીઓના નામે કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી છે. પોલીસની તપાસમાં કુલ ૧૨ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ સામેલ હોવાનું બહાર આવ્યું છે. આ કૌભાંડમાં અંદાજિત ૫ કરોડ રૂપિ યાથી પણ વધુની રકમની ગેરરીતિ થઈ હોવાનું અનુમાન છે. પ ોલીસે આ મામલે ચાર મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા છે અને તેમની સામે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કૌભાંડ બહાર આવતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે અને સરકારી સહાય યોજનાઓના દુરુપયોગ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. આ કૌભાંડમાં આરોપીઓ દ્વારા જુદા જુદા વિદ્યાર્થીઓના નામે ખોટા દસ્તાવેજો બનાવીને શિષ્યવૃત્તિની રકમ સરકાર પાસેથી મેળવી લેવામાં આવતી હતી. આ સંસ્થાઓએ એવા વિદ્યાર્થીઓને બતાવ્યા હતા જે કદાચ અસ્તિત્વમાં જ ન હતા અથવા જેમણે ક્યારેય શિષ્યવૃત્તિ માટે અરજી કરી ન હતી. આ રકમ સીધી સંસ્થાના ખાતામાં જમા થતી હતી, જેનો ઉપયોગ વિદ્યાર્થીઓના કલ્યાણ માટે થવાને બદલે અંગત લાભ માટે કરવામાં આવતો હતો. આ પ્રકારે, શિક્ષણના પવિત્ર કાર્યની આડમાં આર્થિક કૌભાંડ ચલાવીને સરકારી તિજોરીને મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે, જે ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના હક છીનવવા સમાન છે. શિષ્યવૃત્તિ કૌભાંડની ફરિયાદ બાદ પોલીસે સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઝડપાયેલા ચાર આરોપીઓ પાસેથી આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે પૂછપરછ કરવામાં આવી રહી




છે. પોલીસ દ્વારા આ ૧૨ સંસ્થાઓના દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવશે, જેથી આ રેકેટમાં સામેલ અન્ય લોકોના નામ પણ બહાર આવી શકે. આ કૌભાંડને કારણે સરકાર પણ હવે શિષ્યવૃત્તિની પ્રક્રિયામાં વધુ કડક નિયમો લાગુ કરવા અને ઓનલાઈન ચકાસણીને વધુ મજબૂત કરવા વિચારી શકે છે, જેથી ભવિષ્યમાં આવા કૌભાંડોને અટકાવી શકાય. આ બનાવ સમાજમાં જાગૃતિ લાવવા અને શૈક્ષણિક સંસ્થાઓની પારદર્શિતા જાળવવા માટે એક મહત્વપૂર્ણ ઉદાહરણ પૂરું પાડે છે. જેથી આ રેકેટમાં સામેલ અન્ય લોકોના નામ પણ બહાર આવી શકે. આ કૌભાંડને કારણે સરકાર પણ હવે શિષ્યવૃત્તિની પ્રક્રિયામાં વધુ કડક નિયમો લાગુ કરવા અને ઓનલાઈન ચકાસણીને વધુ મજબૂત કરવા વિચારી શકે છે, જેથી ભવિષ્યમાં આવા કૌભાંડોને અટકાવી શકાય. આ બનાવ સમાજમાં જાગૃતિ લાવવા અને શૈક્ષણિક સંસ્થાઓની પારદર્શિતા જાળવવા માટે એક મહત્વપૂર્ણ ઉદાહરણ પૂરું પાડે છે.

## સુરતમાં કોન્સ્ટેબલને લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

। સુરત, તા.૧૭ ।

સુરત જિલ્લામાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરોએ એક મોટી કાર્યવાહી કરીને સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના એક કોન્સ્ટેબલને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ કોન્સ્ટેબલે એક લાખ રૂપિયાની લાંચ માંગી હતી. ફરિયાદીના પતિ અને જમાઈ વિરુદ્ધ કામરેજ પોલીસ મથકમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ફરિયાદીના જમાઈની અટકાયત કરવામાં આવી હતી. આ અટકાયત કરેલા આરોપીને પોલીસ માર ન મારે અને વોન્ટેડ આરોપીને હાજર કર્યા બાદ પણ માર ન મારે તે માટે કોન્સ્ટેબલે એક લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી.આ બાબતથી નારાજ થઈને ફરિયાદીએ તાત્કાલિક ACBનો સંપ ર્ક કર્યો અને સમગ્ર ઘટનાની જાણ કરી. ફરિયાદીની ફરિયાદના આધારે ACB એ એક સુનિયોજિત છટકું ગોઠવ્યું. આ છટકા દરમિયાન જ્યારે કોન્સ્ટેબલ લાંચની રકમ સ્વીકારી રહ્યો હતો ત્યારે ACBની ટીમે તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ ઘટનાથી પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

### યુવકે જુગાર રમતા લોકોના વીડિયો ઉતાર્યો હતો

## મનપસંદ જીમખાનામાં વીડિયો બદલ યુવકને મારનાર બે સામે ફરિયાદ થઈ

### જીમખાના બિલ્ડિંગમાં 33 ટકા ભાગીદારી ધરાવતા બંદિશ ખત્રીને ગામા પટેલ અને રાહીલ નામના શખ્શે ધમકી આપી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

જુગાર માટે પંકાયેલા મનપસંદ જીમખાનામાં એક યુવક ઘૂસી ગયો હતો અને જુગાર રમતા લોકોના વીડિયો ઉતાર્યો હતો. જેના કારણે ત્યાં બે લોકોએ યુવકને ફટકારી ધમકી આપી હતી. આ મામલે યુવકે દરિયાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના દરિયાપુર વિસ્તારમાં ૩૦ વર્ષિય બંદિશ અજયકુમાર ખત્રી પરિવાર સાથે રહે છે અને મનપસંદ જીમખાના બિલ્ડિંગમાં ૩૩ ટકા ભાગીદારી ધરાવે છે. ગઈકાલે બપોરે ૩ વાગ્યે મનપસંદ જીમખાના ખાતે બંદિશ પહોંચ્યો ત્યારે ગેટ બંધ હતો અને તેમાં ફેસ આઈડી લોક હતું, જેથી લોક ખુલતું નહોતું. જોકે, ત્યાં જુગાર રમાતો હોવાની આશંકા હોવાને કારણે બંદિશે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી દીધો હતો. દરમિયાન કોઈએ દરવાજો ખોલી નાખ્યો હતો. જેથી બંદિશે અંદર જઈને જોયું તો જ્યાં જુદા જુદા માળે લોકો જુગાર રમી રહ્યા હતા. તેણે વીડિયો ઉતારતા લોકો ત્યાંથી ભાગવા લાગ્યા હતા. જેથી તેમની સાથે બંદિશ પણ નીચે ઉતરતો ત્યારે મેઈન ગેટ પાસે ગોવિંદભાઈ ઉર્ફે ગામો પટેલ આવી ગયો હતો અને જણાવ્યું હતું કે, કોઇ નીચે ઉતરવાનું નથી. જોકે, તમામ વ્યક્તિઓ ત્યાંથી નીકળી ગયા ત્યારે ગામાએ બંદિશને જણાવ્યું હતું કે, તું બહાર નીકળી જા. તેથી બંદિશે જણાવ્યું હતું કે, હું પણ મિલકતમાં ૩૩ ટકાનો હિસ્સેદાર છું. તેથી તેણે પુરાવા માગતા બંદિશે ફોનમાં આ અંગેના પુરાવા બતાવ્યા હતા. દરમિયાન ગામાએ કમરના ભાગેથી બંદિશનું પેન્ટ ખેંચી ગાળો આપી હતી અને માર માર્યો હતો. ત્યાં કામ કરતો રાહીલ પણ ત્યાં આવ્યો હતો અને તેણે પણ ઝપાઝપી કરી મારામારી કરી હતી. જેથી બંદિશે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કર્યો હતો.

## અમદાવાદમાં છેલ્લા ૧૩ દિવસમાં ૨૦૦થી વધુ કેસ આવતા ફફડાટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સામાન્ય રીતે સપ્ટેમ્બરથી ડિસેમ્બર મહિના સુધીમાં ડેન્ગ્યૂના કેસ વધુ સંખ્યામાં નોંધાતા હોય છે. સપ્ટેમ્બર મહિનાના તેર દિવસમાં જ અમદાવાદમાં ડેન્ગ્યૂના ૨૦૦ કેસ નોંધાયા છે. ગોમતીપુર, બહેરામપુરા ઉપરાંત પાલડી, નવરંગપુરા અને રાણીપ સહિતના વિસ્તારમાં ડેન્ગ્યૂના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે ડિસેમ્બર અંત સુધીમાં ડેન્ગ્યૂના કેસમાં હજુ વધારો થવાની સંભાવના વ્યકત કરાઈ છે.એક તરફ અમદાવાદમાં પાણીમાં પોલ્યુશન આવવાના કારણે અલગ અલગ ૨૬ સ્પોટને હોટ સ્પોટ જાહેર કરાયા છે. આ વિસ્તારોમાં પાણીની વર્ષો જુની લાઈન બદલવાની કામગીરી શરુ કરાઈ છે. બીજી તરફ સપ્ટેમ્બર ના આરંભથી અલગ અલગ વોર્ડ વિસ્તારોમાં ડેન્ગ્યૂના કેસ નોંધાઈ રહયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મચ્છરજન્ય રોગને નિયંત્રિત કરવાની કહેવાતી કામગીરીની વચ્ચે સપ્ટેમ્બર માં મેલેરિયાના ૭૫ અને ઝેરી મેલેરિયાના ૭ કેસ નોંધાયા છે.પાણીજન્ય રોગમાં કમળાના ૨૦૦, ટાઈફોઈડના ૧૮૦, ઝાડા ઉલટીના ૧૨૦ તથા વટવા વોર્ડમાં કોલેરાનો એક કેસ નોંધાયો છે. કોર્પોરેશન દ્વારા લેવામાં આવેલા પાણીના સેમ્પલ પૈકી ૪૪ સેમ્પલ પીવાલાયક પાણીના નહીં હોવાનુ સામે આવ્યુ છે. ૧૧ સેમ્પલમાં કલોરીન નીલ હોવાનો રીપોર્ટ આવ્યો છે. પ્રાપ્ત થતી વિગત મુજબ,અમદાવાદમાં આ વર્ષે જાન્યુઆરીથી સપ્ટેમ્બર -૨૫ સુધીમાં ડેન્ગ્યૂના કુલ ૯૩૪ કેસ નોંધાયા છે. આ પૈકી ૫૨૬ પુરુષ અને ૪૦૮ મહિલા દર્દી છે.

## દહેજ ભૂખ્યા પતિના ત્રાસથી કંટાળીને પત્નીનો ગળા ફાંસો ખાઈ આપઘાત, બાપુનગર પોલીસે પતિ સામે દુષ્પ્રેરણાની કલમ હેઠળ ગુનો નોંધ્યો

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૭ ।

બાપુનગરમાં દહેજ ભૂખ્યા પ તિના ત્રાસથી કંટાળેલી પત્નીએ ૧૪ સપ્ટેમ્બરે પોતાના ઘરે પંખે લટકીને ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. મૃતકના પિતાએ જમાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.મૂળ ઉત્તર પ્રદેશના વતની અને ઘણા વર્ષોથી કામકાજ અર્થે બેંગલુરુમાં સ્થાયી લાલનપ્રસાદ રાજભર (ઉ.૫૪) ગ્લાસ બનાવતી કંપનીમાં મજૂરીકામ કરે છે. બે વર્ષ અગાઉ તેમમે દીકરાના લગ્ન ઉત્તરપરદેશના વતની સોનુકુમાર રાજભર સાથે કરાવ્યા હતા. લગ્ન બાદ દીકરી અને જમાઈ રાજકોટમાં દોઢેક વર્ષ રહ્યા હતા. આ ગાળામાં તેમને ત્યાં દીકરીનો જન્મ થયો હતો. ત્યારબાદ જમાઈને અમદાવાદમાં નોકરી મળતા તે બાપુનગરમાં ભાડાના મકાનમાં રહેતા હતા. બે મહિનાથી પતિ દહેજ માટે વારંવાર હેરાન કરી મારઝૂડ કરતો હતો. તારા પિતાએ દહેજમાં કશું જ આપ્યું નથી, એના કરતા તું મરી જાય તો સારું કહી મેણાટોણાં મારતો હતો. દીકરીના માતાપિતાએ જમાઈને સમજાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે ફોન પર ગાળો ભાંડી હતી. ૧૪ સપ્ટેમ્બરે પરિણીતાની દીકરીને દવાખાને લઈ જવાની હતી પરંતુ તેની પાસે રૂપિયા ન હોવાથી પિતાને ફોન કરી મદદ માગી હતી. પિતાએ સારવાર શરુ કરાવી ત્યાંથી સ્કેનરનો ફોટો મોકલી આપજે, તેથી અમે અહીંથી ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરી દઈશું તેમ હૈયાધારણ આપતા પરણિતા દીકરીને લઈને દવાખાને જતી હતી તેટલામાં પતિ આવ્યો અને દીકરીને માતા પાસેથી ઝુંટવીને દવાખાને લઈને જતો રહ્યો હતો. મોડી સાંજે દીકરીની સારવાર કરાવીને તે ઘરે આવ્યો ત્યારે દંપતી વચ્ચે ઝઘડો થયો હતો. પરિણીતાને લાગી આવતા ઘરમાં જ પંખે લટકીને આપઘાત કરીને જીવન ટૂંકાવી લીધું હતું.

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદઃ શાળાઓમાં શિક્ષકની નોકરી મેળવવા માગતા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. જે ઉમેદવારો ટેટ-૧ અને ટેટ-૨ પરીક્ષાની તૈયારી કરી રહ્યાં છે તેઓને લઈને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પેશિયલ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરી છે. પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્ર અનુસાર ટેટ-૧ અને ટેટ-૨ બંને પરીક્ષાનું આયોજન એક જ દિવસે કરવામાં આવ્યું છે. જાહેરાત અનુસાર આ પરીક્ષા તારીખ ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ યોજાશે. મળતી માહિતી મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પેશિયલ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. સ્પે. ટેટ-૧ની પરીક્ષા ૧૨ ઓક્ટોબરે સવારે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રહેશે. જ્યારે સ્પે. ટેટ-૨ની પરીક્ષા બપોરે ૩ વાગ્યાથી ૫ વાગ્યા સુધી યાજાશે.

## અંજારના મથડા ગામમાં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ

। (એજન્સી) કચ્છ, તા.૧૭ ।

કચ્છના અંજાર તાલુકાના મથડા ગામમાં ગઈકાલે બે જૂથ વચ્ચે થયેલી હિંસક મારામારીની ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. આ મામલે અંજાર પોલીસ મથકે બંને પક્ષો દ્વારા સામ-સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેના આધારે પોલીસે કુલ ૨૧ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ ઘટના મથડા ગામમાં કોઈ જૂની અદાવત કે અંગત ઝઘડાને કારણે બની હોવાનું જાણવા મળ્યું છે. બે જૂથના લોકોની એકબીજા સાથે બોલાચાલી થતા હિંસક મારામારી થઈ હતી અને ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં કેટલાક લોકોને ઈજા પણ પહોંચી હતી. જોકે ગંભીર ઈજાઓ અંગે કોઈ સત્તાવાર માહિતી હજુ સુધી મળી નથી. ઘટનાની જાણ થતાં જ અંજાર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. પોલીસે બંને જૂથના આગેવાનો અને સામેલ લોકો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. આ મારામારીમાં સંડોવાયેલા ૨૧ લોકો સામે IPCની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.